# અધ્યાત્મ

ૐ યોગેશ્વરાય નમઃ

વર્ષ : ૨૨ માર્ચ - ૨૦૦૧ અંક : ૬



Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar–1 |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 2001

Narayan H. Jani
Publisher.

' વંદન હજારોવાર ગુરુજી અમારા '



મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧    લીલા સંવરણ : ૧૮–૩–૧૯૮૪

# સાચા સંત

ચાલોને સાચા સંતને શરણે જઈએ,
એવા સંતોના દાસ થઈને રહિયે. ચાલોને૦

જોગી થઈને નથી જંગલ જવું, ને પેલા,
જ્ઞાનના ઘૂંટ કેમ ગળિયે;
સંતોને સેવવાથી સઘળું સધાઈ જાયે,
મણિ પામી રંક કેમ રહિયે! ચાલોને૦

પ્રેમનું નાણુ ને શ્રદ્ધાનું શ્રીફળ લૈને,
સંતોની પાસે જઈએ;
પાગલ કે' પાછું તો ફરવું પડે જ નહિ,
શાંતિ આપે તે સંત કહિયે. ચાલોને૦

— યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ તંત્રી–સંપાદક : શ્રી નારાયણ હ. જાની.

⊗ પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ અધ્યાત્મના સહાયક સ્વજનો : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧

⊗ મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૫૧૬૫૫૧


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| વિસર્જનહારને વંદન | મા સર્વેશ્વરી | ૯ |
| પશ્ચાદ્ દર્શન | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૨ |
| પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીને | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૭ |
| ઈશાવાસ્ય ઉપનિષદ્–૪ | યોગેશ્વરજી | ૧૯ |
| સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ | ડૉ. બી. જે. જાગાણી | ૨૪ |
| યોગસાધનામાં આસનોની આવશ્યકતા–(૨) | ડૉ. પ્રકાશ ગજ્જર | ૨૯ |
| ભૂકંપની ભૂતાવળો વચ્ચે<br>પૂ. માની પુનિત સરવાણિ | તંત્રી | ૩૮ |
| ગુજરાત ભૂકંપ–૨૦૦૧ | મુસાફિર પાલનપુરી | ૪૪ |
| નવસર્જનનો નમ્ર પ્રયાસ | રાજુ જાની | ૪૬ |
| બાળમાનસનું પુનર્વસન :<br>એક અભિનવ સેવાકાર્ય | સંજય પંડયા | ૪૯ |
| ભૂકંપની ભીષણતા | હરિભાઈ ભોજાણી | ૫૩ |
| એ દિવસ ક્યારેય ભૂલાશે નહિ | શ્રી પ્રાણજીવન ઠક્કર | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના માર્ચ, ૨૦૦૧ ના અંક-ની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્ય-માં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ માર્ચ–૨૦૦૧ અંક : ૬

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૦/૮/૮૧ ગુરુવાર, શ્રાવણ વદ પાંચમ, ૨૦૩૭**

**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ**

આજે પૂ. શ્રી સમયસર સ્નાન કરી લે છે. પોતાના કપડાં હાથે જ ધોઇ નાંખે છે. સર્વેશ્વરી આગ્રહ કરે છે છતાં પૂ. શ્રીનાં કપડાં ધોવાની સેવા તેમને મળતી નથી.

ઇંગ્લેન્ડ ઠંડો દેશ. અહીં દરેક ઘરમાં હીટર હોય છે. નાનાં અને મોટાં હીટરો. લાંબા સફેદ પતરા જેવાં મોટાં હીટરો ઉપર કપડાં પણ સૂકવી શકાય. કપડાં દશપંદર મિનિટમાં સૂકાઇ જાય. કપડાં સૂકવવા દોરી કે ખુલ્લી વાડાજેવી જગ્યાની ખાસ જરૂર ન પડે. દરેક ઓરડામાં કચરો નાંખવાનું સાધન હોય. ઘરની બહાર પાછળ એક મોટું પીપ હોય. બે ઘરો વચ્ચે એક નાનકડી શેરી



મુખ્ય માર્ગ તરફ જતી હોય. મુખ્ય માર્ગના એ દરવાજાથી દર અઠવાડિયે કામદાર આવીને પીપનો કચરો લઇ જાય. ઘરની બાંધણી વ્યવસ્થિત જેથી દરેક ઘર વચ્ચે નાનકડો માર્ગ હોય છે.

માર્ગ ઉપરથી હજારો વાહનો પસાર થાય પણ કોઇ હોર્નનો અવાજ નહીં કરે. ફક્ત એમ્બ્યુલન્સનો જ હોર્ન (ઝડપથી રસ્તો કરવા) સંભળાય. એકદરે ખૂબ શાંતિ હોય છે.

સ્નાન પછી વ્યાયામ, ગીતાપાઠ ને લેખન શરૂ થઇ જાય છે. ઓરડામાં પલંગ પાસે નીચે ગરમ ધાબળાની ચાર ગડી વાળી એનું આસન બનાવી, પૂ. શ્રી બેસે છે. પગ ઉપર ઓશિકું મૂકી લેખન ચાલુ થઇ જાય છે.

આખાયે ઘરમાં ગરમી રહે એવાં સાધનો હોય છે, જેથી ઘર-માં ગરમ કપડાંની જરૂર પડતી નથી. અહીં આજકાલ ઉનાળો ચાલે છે. છતાં કોઇવાર સૂર્યપ્રકાશ, કોઇવાર ઠંડીનો ચમકારો, તો કલાક પછી વરસાદ પણ પડી જાય. એક જ દિવસમાં વિવિધ ઋતુનાં દર્શન પણ થાય. ઇંગ્લેન્ડમાં એક કહેવત જાણીતી છે. વુમન, વાઇન ને વેધરનો ભરોસો નહીં વાતાવરણ માટે તે સાચી લાગે છે.

આજે દૂધમાં ગરમમસાલો નાંખ્યો. નીચેના ભાગમાં જ રસોડું છે. રસોડામાં ચોવીસ કલાક ગેસની સગવડ. ગેસની પાઇનલાઇન હોય છે. દરરોજની જેમ દૂધ નીચે ગરમ કર્યું. ચાલુ લેખનકાર્યમાંથી ત્રણચાર મિનિટ કાઢી પૂ. શ્રી દૂધ લઇ લે છે. સાડા અગીયારે લેખનકાર્ય પૂર્ણ થાય છે.

આજે એક ભાઇ પૂ. શ્રીને મળે છે. ભાઇ ધુવારણ થર્મલમાંથી છૂટા થઇ ઇંગ્લેન્ડ આવ્યા. ધંધો સફળ ન થયો, ને નોકરી મળતી

નથી. તે ભાઈએ પોતાની વીતક રજૂ કરી. પૂ. શ્રીએ ધીરજ આપી. પૂ. શ્રી પાસે શાંતિ માટે મંત્ર લીધો. તેઓ પૂ. શ્રીને શાલ ને સર્વેશ્વરીને સ્વેટર આપવા માંગે છે. બંનેએ તે વસ્તુઓ પ્રસાદરૂપે ફરી આપી દીધી. તે ભાઈ અને તેમનાં પત્ની બંનેનો પ્રેમભાવ ને આગ્રહ ખૂબ હતો. છતાં જરૂર ન હોય તો શા માટે લેવું? એ સિદ્ધાંત પૂ. શ્રીએ તેમને સમજાવ્યો. પરિણામે તેઓએ સમજ-પૂર્વક પ્રસાદીરૂપે વસ્તુઓનો ફરી સ્વીકાર કરી લીધો.

ભોજનની જે સેવા આપી રહ્યાં છે તે બેન ખૂબ પ્રેમથી સંતોની સેવા કરે છે. આજે ભોજનમાં પૂ. શ્રીની પસંદગી પ્રમાણે મગભાત હતાં, પણ વિદ્યાબેને રસરોટલી પણ બનાવ્યાં હતાં. દરરોજની જેમ તેમને ત્યાં નીચે આસન મૂકીને ભોજન લેવાનું બન્યું. ભોજનબાદ પ્રકાશનાપંથે (પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા) વાંચીને એક ભાઈ પૂ. શ્રીને મળવા આવ્યા છે. તેમની સાથે પૂ. શ્રીના ઉપવાસની, દેવપ્રયાગની કુટિયાની વાત સર્વેશ્વરી કરે છે.

ભોજનબાદ સમયસર ઉતારા ઉપર આવી ગયા. થોડો આરામ કરી દોઢ કલાક સાંજે ફરી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે.

પ્રવચન માટે મંદિરમાં ગયા. મંદિરની બહારના ભાગમાં ટેલિફોનના પૈસા નાંખવાનું બોક્ષ હતું. તે બોક્ષને જમૈકન પ્રજાના કેટલાક માણસો તોડીને લઈ ગયા. ચાલુ પ્રવચને આ બનાવ બન્યો. પોલીસને ખબર કરી. પ્રવચન તો ચાલુ જ રહ્યું.

આ દેશમાં ડોક્ટરી સારવાર મફત. દવાનો અમુક ટકા જ ખર્ચ વ્યક્તિને ફાળે જાય. ઘણા અંગ્રેજો પણ હિન્દુધર્મનો વિષય લે અને એના અભ્યાસ માટે ઘણીવાર મંદિરમાં પણ આવે.

પ્રવચનબાદ ઉતારા ઉપર આવી આરામ.



**તા. ૨૧/૮/૮૧ શુક્રવાર, શ્રાવણ વદ છઠ, ૨૦૩૭**

**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઈંગ્લેન્ડ**

સમય પ્રમાણે જ પૂ. શ્રીનું જીવન. સ્નાન સમય પ્રમાણે તો ગીતાપાઠ ને વ્યાયામ પણ સમયસર જ. દૂધ પીધા પછી લેખન-કાર્ય શરૂ થઈ ગયું. ત્રણથી સાડાત્રણ કલાક દરરોજ લેખન ચાલે. સર્વેશ્વરી પણ નોંધ દરરોજની જેમ કરે.

પૂ. શ્રી લેખનબાદ થોડા આંટા મારે છે. ત્યાં તો બાર વાગી ગયા. શ્રી ગોવિંદભાઈ ભોજન માટે ગાડી લઈને લેવા આવી જાય છે. ખીચડી શાક બાજરાનો રોટલો આજનું ભોજન હતું. દરરોજ શ્રી વિદ્યાબેન પૂછે. 'મહાત્માજી કાલે શું બનાવીશું?' પૂ. શ્રીનો લગભગ એક જ જવાબ હોય. ખીચડી શાક અથવા મગભાત.

ભોજનબાદ શ્રી ગોવિંદભાઈ અને વિદ્યાબેને દુર્ગતિ પામેલા જીવોની ગતિ વિષે થોડા પ્રશ્નો પૂછ્યા. પૂ. શ્રીએ પોતાના બે અનુભવો પણ કહ્યા ને તે વિષયની વિસ્તૃત ચર્ચા થઈ. તેઓને સંતોષ થઈ ગયો.

ભોજનબાદ ઉતારા ઉપર આવી ગયા. થોડો આરામ કરી પૂ. શ્રીએ ફરી લેખન શરૂ કર્યું. આજે શબરીનો પ્રસંગ પૂ. શ્રીએ લખ્યો. તે પ્રસંગ સર્વેશ્વરીને પૂ. શ્રીએ ગાઈ સંભળાવ્યો.

સાંજની મુલાકાતમાં શ્રી શ્રીકાન્તભાઈ મળવા આવે છે. પ્રથમ પરિચયે જ તેમણે પૂ. શ્રીને પોતાને ત્યાં રહેવાનું ને ભોજનનું આમંત્રણ આપ્યું. પૂ. શ્રીએ તેમને પોતાનો નિયમ જણાવ્યો. ફરી આવો ત્યારે આપણે ત્યાં જ ઉતરજો એવો આગ્રહ તેમણે ફરી કર્યો. પ્રથમ જ પરિચયે તેઓ પ્રેમાળ જણાયા. આજે શ્રી કમળા-બેન પણ મળે છે. તેઓ સાથે થોડી વાતો થાય છે. કમળાબેન

પોતાને ત્યાં ઉતરવા પૂ. શ્રીને આમંત્રણ આપે છે. સ્વજન તરીકેની સમજ ને પ્રેમભાવ તેમનામાં જોવા મળ્યો.

પ્રવચન માટે મંદિરમાં દરરોજની જેમ ગયા. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી આરામ.

(ક્રમશઃ)

---

મુક્તિની પ્રાપ્તિની ઇચ્છા પાછળ વર્તમાન જીવનનો તિરસ્કાર નથી, ને ના હોવો જોઇએ. જીવન નીરસ નથી. સારગર્ભિત છે. જીવવા જેવું છે, એ સાધકે યાદ રાખવાનું છે.

યોગેશ્વરજી


ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨




# વિસર્જનહારને વંદન

સર્વેશ્વરી

[નોંધ : પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને અમે વિનંતી કરી, "હે મા, આપ આ માર્ચના અંક માટે કંઇક લખી આપો." પહેલાં તેઓએ ના પાડી. પરંતુ પછી પ. પૂ. ગુરુદેવે જ એમને પ્રેરણા કરી અને તેઓથી જે લખાયું તે ખરે જ ઉત્તમ હતું. તે અહીં રજૂ કરેલ છે.

તા. ૨૬, જાન્યુઆરી, ૨૦૦૧ નો એ ભૂકંપ આંચકો કેવો વિનાશ વેરી ગયો! કેવું વિસર્જન કરી ગયો? તે તો આંખે જુઓ તો જ ખ્યાલ આવે. પરંતુ જીવનમાં હરેક પરિસ્થિતિને પ્રભુના પ્રસાદ તરીકે સ્વીકાર કરતાં પૂ. માએ આ વિસર્જનનો નવો અર્થ હકારાત્મક અર્થ–Positive Meaning–આવો કર્યો વિ એટલે વિશેષરૂપે અને સર્જન એટલે નવી રચના.

જીવનના આ દૃષ્ટિકોણને તેઓએ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની દિવ્યજીવન લીલાના સંકલનને પણ લાગુ પાડી, પૂ. શ્રીની દિવ્યવિદાયને–વિસર્જનહારની વિશેષરૂપે સર્જનની પ્રક્રિયા તરીકે અવલોકી, નિહાળી ને તેમાંથી આ લખાણ અક્ષરદેહ પામ્યું.

પૂ. માનો એ હકારાત્મક અભિગમ અમને પણ જીવનમાં પ્રાપ્ત હો. એ જ પ્રભુને પ્રાર્થના.]

— તંત્રી

[વિશેષરૂપે સર્જન કરનાર હે યોગેશ્વર કરું પ્રણામ]

૧૮ માર્ચ ૧૯૮૪. વિસર્જનનું એ મંગલપર્વ. વિસર્જન ક્યાં

થયું? પાસે જ. સર્વેશ્વરી બેઠાં જ હતાં. તે સામાન્ય વ્યક્તિત્વમાં વિસર્જનનો પ્રારંભ થયો. જાણે કોઇ નવા ઘરમાં મંગલ પ્રવેશ થયો. અરે રાજમહેલના રાજા, જીવની ઝૂંપડીમાં, કોઇ ના જુએ, કોઇ ના જાણે, તે રીતે વિશેષરૂપે સર્જન કરવા વિસર્જિત થયા.

૧૯૮૪ ની ૧૮ માર્ચે વિસર્જનના થોડા કલાકો પહેલાં જ સુસુપ્ત શક્તિને ઝંકૃત કરતા દિવ્ય આશીર્વાદ પણ સર્વેશ્વરીને ધરી દીધા. એ હતી વિસર્જનની પૂર્વ તૈયારી.

વિસર્જનને અંતે પોતાના પાર્થિવ તનુને અલૌકિક દિવ્ય પ્રકાશીત કરીને સર્વેશ્વરીને સમજાવી દીધું હવે આ મારું દિવ્ય સ્વરૂપ છે.

વિસર્જનના ત્રણ દિવસ પછી એ વિસર્જનના દેવે "હું અહીં જ છું." એવી દિવ્ય વાણીનો પ્રસાદ ધર્યો ને જાણે વિશેષરૂપે સર્જનનો પ્રારંભ કર્યો.

વળી "ક્ષમા"નો સોનેરી શબ્દ દર્શાવી હવે પછી ક્ષમાના શસ્ત્ર સાથે કર્તવ્યક્ષેત્રે પ્રયાણ કરવાનો જાણે આદેશ ધર્યો.

ને તે પછી તો સતત દિવ્યઅનુભૂતિની મંગલ માળ ગૂંથાઇ ગઇ.

સાથે સાથે એ મહાન વ્યક્તિત્વ સર્વેશ્વરીમાં વિસ્તાર પામતું ગયું ને પથરાઇ ગયું. છવાઇ ગયું.

સત્તર વરસ વીતી ગયાં. સર્વેશ્વરી તો વિલીન થતાં ગયાં ને એ મહાન વ્યક્તિત્વ યોગેશ્વરરૂપે ત્યાં ઉઘડતું જ રહ્યું.

તેથી જ સર્વેશ્વરીની કલમે લખાઇ ગયું.

૧. હું તો રમકડું રે યોગેશ્વર નાથનું.



૨. સર્વેશ્વરીના રોમરોમમાં યોગેશ્વર પ્રભુ દીઠા.

૩. મારા જીવનમાં તું તો સમાઇ ગયો રે,
હવે અળગો કરું કયી રીતે?

વિશેષરૂપે સર્જન કરનાર, હે વિસર્જનના સર્જનહાર, સર્વેશ્વરીના સર્જનહાર, આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

ધ્યાનની અસાધારણ આત્માનુભૂતિપૂર્ણ અવસ્થામાંથી જાગૃત થઇએ છીએ ત્યારે બાહ્ય જગતમાં પરમાત્માની પરમ ચેતનાનો સહજ રીતે જ સ્વાનુભવ થાય છે. પ્રથમ ધ્યાન કરવું પડે છે. પછી ધ્યાન કરવું પડતું નથી. ધ્યાન થઇ જાય છે.

યોગેશ્વરજી

દીપક સી. મહેતા

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧.

# પશ્ચાદ્ દર્શન

ડૉ. રણજિત પટેલ (અનામી)

લગભગ સાડા ત્રણ દાયકા પૂર્વે વડોદરામાં, મારા કવિ–મિત્ર શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ(કુમાર)ને ઘરે પ્રથમ વાર યોગેશ્વરજીની છબિનું દર્શન થયું. ખાદીનાં વસ્ત્રોથી આકર્ષાઈ સહજ પૂછ્યું, 'આ વિભૂતિનું નામ?' એમણે ટૂંકમાં કહ્યું, 'યોગેશ્વરજી–મહાત્મા ગાંધીના સારામાં સારા ને સાચામાં સાચા અનુયાયી સમજો તોપણ ચાલે.' એ પછી તો ભાઈ 'કુમારે' યોગેશ્વરજીની સાધના-ની, સાહિત્યપ્રીતિની, એમની અદ્ભુત વક્તૃત્વશક્તિની, એમનાં લોકહિતનાં અનેક મંગલ કાર્યોની વાતો કરી અને મને ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં યોગેશ્વરજીનું પ્રવચન ગોઠવવાની ભલામણ કરી. 'ભારતીય સંસ્કૃતિ' ઉપર એમણે જે વાક્ધારા અને વિચારધારા ચલાવી તેથી સર્વ શ્રોતાજનો પ્રસન્ન ને કૃતાર્થ થઈ ગયા. આ પછી, પાદરાની કોલેજોમાં પણ એમનું પ્રવચન ગોઠવેલું. થોડાંક વર્ષો બાદ વડોદરાના વિશ્વવંદ્ય આશ્રમમાં એમની વ્યાખ્યાનમાળા ગોઠવાયેલી જેમાં બે ત્રણ વાર મેં હાજરી આપેલી અને એમના જ્ઞાનનો અને સત્સંગનો ઠીક ઠીક લાભ લીધેલો. અમારી અરુણો-દય સોસાયટીમાં રહેતા, ગાંધી ઓઈલમીલના માલિકને બંગલે યોગેશ્વરજીની અવારનવાર પધરામણી થતી હોવાથી એ સત્સંગ–ગંગામાં અવગાહન કરવાની મને સહજ તક મળેલી અને પછી તો એમણે મારે મંદિરે પધરામણી કરવાની પણ કૃપા કરેલી. એ જ અરસામાં એમણે 'અધ્યાત્મ'માસિક પ્રગટ કરવાની ઈચ્છા



દર્શાવી અને મને આજ્ઞા કરી કે મારે પ્રત્યેક અંકમાં એકાદ કાવ્ય તો આપવું જ. તે જ ક્ષણે મેં મારાં ૬૦–૬૫ અપ્રગટ ભક્તિ–કાવ્યોની ફાઈલ એમના કરકમલમાં ધરી દીધી. જેમાંથી એમણે કેટલાંક ભક્તિ–કાવ્યો પસંદ કર્યાં. એમને આપેલા વચન પ્રમાણે, આજેય તે, એમની અનુપસ્થિતિમાં પણ 'અધ્યાત્મ'માં હું નિય-મિત લખું છું.

ઈ. સ. ૧૯૭૫ માં, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી રજત-જયંતી પ્રસંગે, યુનિવર્સિટી કર્મચારીમંડળ આયોજિત પૂ. શ્રી ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ પ્રસંગે પ્રકાશિત 'સંતસૌરભ'-નું સંપાદન મેં કરેલું જેમાં લગભગ પંચોતેર જેટલા સંતો–મહાત્માઓ અને ધર્માચાર્યોનો સમાવેશ કરેલો. એ પંચોતેરમાં યોગેશ્વરજીનો સમાસ પણ આવી જાય છે. એ સંપાદન–કાર્ય દરમિયાન જાણવા પામ્યો કે પૂર્વાવસ્થાના સરોડાના આ શ્રી ભાઈલાલભાઈ મણિલાલ ભટ્ટ કાવ્યો, વાર્તાઓ અને નવલકથાઓ પણ લખતા હતા ને સાહિત્યપ્રેમી જ નહીં પણ સાહિત્યકાર પણ હતા. યોગેશ્વર બન્યા પછી, વેદ, ઉપનિષદ્, રામાયણ–મહાભારત, ગીતાદર્શનો, યોગશાસ્ત્ર વગેરેના મર્મ અને હાર્દને સારવી–તારવી-ને અનેક ગ્રંથોરૂપે લોકભોગ્ય બનાવેલ છે તેમાં પૂર્વાવસ્થાના આ સાહિત્યકારની પરિણિત પ્રજ્ઞાની પાકી પ્રતીતિ થાય છે. અંગત રીતે હું એમના ન્હાનાલાલ પ્રત્યેના અનુરાગથી અત્યંત પ્રભાવિત થયેલો. 'ભગવાન રમણ મહર્ષિ' અને 'પ્રકાશને પંથે' જેવા એમના ગ્રંથો ઘણા લોકપ્રિય બન્યા છે. આપણા સદ્ગત નાટ્યા-ચાર્ય પ્રો. ચંદ્રવદન મહેતાએ 'આકાશવાણી' પરથી 'ભગવાન રમણ મહર્ષિ' વિષયક 'ફીચર્સ' રજૂ કરેલાં તેમાં વધુમાં વધુ ઉપયોગ આ ગ્રંથનો કરેલો એનો હું સાક્ષી છું.

ગુજરાતમાં અને ગુજરાતીમાં સારા વક્તાઓ આંગળીને વેઢે ગણાય એટલા જ. પંડિતયુગના સારામાં સારા વક્તા શ્રી મણિશંકર રતનજી ભટ્ટ (કવિ 'કાન્ત') એ પછી ગાંધીયુગમાં શ્રી ઇન્દુચાચા, શ્રી શામળદાસ ગાંધી, પ્રિ. યશવંત શુક્લ, પ્રિ. સમાપ્રસાદ ભટ્ટ, પ્રો. સી. એમ. શુક્લ જેવા કેટલાક એમાં હું યોગેશ્વરજીનો નિઃશંક સમાવેશ કરું. કોઇ પણ વિષય હોય કિન્તુ યોગેશ્વરજી પૂર્ણ આત્મવિશ્વાસ સાથે, ભાષાના અદ્ભુત પ્રભાવથી અને તાર્કિક વિચારોની કડીને તૂટવા દીધા સિવાય વિષયની પ્રભાવક છણાવટ કરતા અને શ્રોતાજનોને આદિથી તે અન્તસુધી જકડી રાખતા. અમદાવાદ–વડોદરા રેડિયો પરથી 'અમૃતધારા'માં કે આકાશવાણી–રાજકોટ પરથી 'રત્નકણિકા'માં અવારનવાર 'રીલે' થતાં તેમના વાર્તાલાપમાં પણ તેમની વિચારશક્તિ અને વક્તૃત્વ કળાનો યુગપદ્ સુખદ અનુભવ થતો હોય છે. ઘણીવાર એમાં એમનું કવિહૃદય પણ ધબકતું અનુભવાય છે. ગાંઠાગળફા વિનાનું એમનું પ્રસન્ન મધુર ને પ્રાસાદિક ગદ્ય પણ હૃદ્ય હોય છે. હું જાણું છું ત્યાંસુધી, પૂ. યોગેશ્વરજી એક અચ્છા પત્ર–લેખક પણ હતા.

પૂ. ગાંધીજી અને શ્રી રાયચંદભાઇ (શ્રીમદ્રાજચંદ્ર) વચ્ચે પત્રોદ્વારા ધાર્મિક પ્રશ્નોની ચર્ચા થયેલી છે. તો શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી અને ગિદુમલ વચ્ચે 'સરસ્વતીચંદ્ર'ના અંતની યોગ્યાયોગ્યતા વિષે વિચારણા થયેલી છે. 'કીર્તિદાને કમળના પત્રો'માં શ્રી બટુભાઇ ઉમરવાડિયાએ પત્રોદ્વારા કરેલા વિવેચનના પત્રો છે. તો 'પથિકના પત્રો'માં શ્રી અંબાલાલ પુરાણીએ તત્ત્વજ્ઞાન વિચારણાના પત્રો લખેલા છે, 'અજ્ઞાતના પત્રો'(શ્રી ચમનલાલ વૈષ્ણવ)માં જીવનના તલસ્પર્શી પ્રશ્નો અંગે સ્વસ્થ મર્મગામી ને મૌલિક વિચારણા સરલ શિષ્ટ ને પ્રતીતિકર શૈલીમાં થઇ છે. વર્ષો



પૂર્વે, પૂ. યોગેશ્વરજીના એક અંતેવાસીએ એમના પત્રોનું સંપાદન કરવા માટે 'અધ્યાત્મ'માં અપીલ બહાર પાડેલી એવો મારો ખ્યાલ છે. એ અપીલના–અનુલક્ષમાં મેં મારી પાસે પૂજ્યના પત્રો હતા તે તેમને મોકલી આપેલા. એ સંપાદનનું પછી શું થયું? ન–જાને! પણ જો એ સંપાદન ભવિષ્યમાં શક્ય બને તો, અનેક મુમુક્ષુ–જિજ્ઞાસુઓના અધ્યાત્મ માર્ગદર્શનની દીવાદાંડીરૂપ બની રહેશે એવી મને શ્રદ્ધા છે. મારી પ્રકૃતિનું પૃથક્કરણ કરીને મેં પૂજ્યને પ્રશ્ન પૂછેલો કે ભગવાન રામ કે ભગવાન કૃષ્ણ કરતાં પણ મારાં શ્રદ્ધાભક્તિ ભગવાન શિવમાં કેમ વિશેષ છે? એનો જે પ્રતીતિકર પ્રત્યુત્તર એમણે આપેલો તે હજી પણ મને યાદ છે. સેંકડોની સંખ્યામાં એમના પત્રો હોવા જોઇએ. પૂ. યોગેશ્વરજીના વ્યક્તિત્વનો અંતરંગ પરિચય એમના પત્રોદ્વારા પણ પામી શકાય.

મારે માટે, પૂ. યોગેશ્વરજી પ્રત્યેના અનુરાગ અને આકર્ષણનું મુખ્ય કારણ છે. એમનું નિર્દંભ ને પારદર્શક વ્યક્તિત્વ એમના જીવનમાં, વિચાર, વાણી ને વર્તનનો કોઇ પણ પ્રકારનો વિસંવાદ નહીં, બલકે સંપૂર્ણ સંવાદ એક રીતે જોઇએ તો એ વધુ પડતા ગુણાનુરાગી પણ ખરા. આપણા સામાન્ય સદ્ગુણને પણ ઉદારતાથી મોટા સ્વરૂપે સ્વીકારે. અનુકંપાશીલ હૃદયને કારણે એમના સંબંધોનો વ્યાપ ઘણ મોટો હતો. એમના બધા જ સંબંધો કશા પણ સ્વાર્થ કે અપેક્ષા વિનાના હતા. અન્યના હિત અને શ્રેય કાજે તેઓ સદાય તત્પર રહેતા. સંવેદનાની ગહરાઇને કારણે લોકસંગ્રહની પ્રવૃત્તિ એમને માટે સહજ હતી. એમના વ્યક્તિત્વમાં જ સમભાવનું એવું તત્ત્વ હતું કે સર્વને એ આત્મીય જ લાગે. એમને ને દંભને ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું અંતર હતું.

'અધ્યાત્મ'માં વર્ષોથી પ્રગટ થતું અને અપ્રગટ રહેલું 'શ્રી

યોગેશ્વર કથામૃત' વાંચતાં–વિચારતાં એ કેવા મોટા ગજાના અઠંગ સાધક હતા તેનો વાસ્તવિક ખ્યાલ આવશે. યોગેશ્વરજી ભલે શ્રીમદ્ શંકરાચાર્ય જેવા દાર્શનિક કે ડો. સાધાકૃષ્ણન્ જેવા તત્ત્વ-ચિંતક ન હોય પણ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિની અસલ રગને એમણે સંપૂર્ણ સમજણ સાથે પકડી છે તેનું પ્રત્યક્ષ ને દૂરગામી પરિણામ ઘણું રોચક ને નક્કર આવ્યું છે ને ભવિષ્યમાં આવવાનું. એમના કુડીબંધ ગ્રંથોપર ઊડતી અછડતી નજર નાખનારને પણ એની વિદ્વત્તા ને ગુણવત્તાની પ્રતીતિ થશે જ. શ્રીમદ્ શંકરાચાર્ય અને ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને વાંચનાર કેટલા? અને વાંચીને સમજનાર પણ કેટલા? ગણતર બુદ્ધિ-પ્રવણો જ! પણ ભટ્ટ કવિ પ્રેમાનંદની જેમ–

'આ બાજુ વ્યાર વાંચે સંસ્કૃત,
આ બાજુ મારું પ્રાકૃત.'

–એમ સંસ્કૃતના વ્યવધાનમાં અને પ્રકાંડ પાંડિત્યના આવ-રણમાં–ઘટાટોપમાં ગોપાયેલા, વર્ષોની કઠોર તપસ્યા બાદ, આપણા આર્યમનીષીઓએ ગોચર કરેલા બ્રહ્મને સુગમ ને સુલભ કરી આપનાર તો યોગેશ્વરજી જેવા, ભારતીય સંસ્કૃતિના સંસ્કાર–સમર્થ ભાષ્યકારો કે વિવરણકારો જ. એમની આવી અક્ષર સેવાને આપણે જાગૃતિપૂર્વક ને પૂરા ઋણભાન સાથે સ્વીકારીએ ઋષિનું તર્પણ કરી, કૃતાર્થ થઈએ.



## * પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીને *

મળ્યા પહેલાં નિહાળી મેં નિર્મળી નૈનની પ્રભા,
આત્માની આરસી જેવી વિભૂતિવન્તની વિભા.

પછી વાચસ્પતિ–વાણી, પુનિતા તપથી રસી,
તપસ્વી! વિનયે–મ્હોરી આભિજાત્યે કસીલસી!

સારલ્યે સમતા ભાળી, સૌજન્ય–સરિતા સરી,
યોગેશ્વર! તમારામાં વૃત્તિઓ લીલયા વળી.

ઉત્તરોત્તર ગુણોનો રાશિ તો પ્રગટી રહ્યો,
ગુણાનુરાગી આ આત્મા કૃપાપાત્ર કશો થયો!

પછી "પ્રકાશને પંથે" પળ્યા તેની અનુભૂતિ,
ઉર્ધ્વગામી, સ્થિતપ્રજ્ઞ, મુમુક્ષુ–પ્રબલા ધૃતિ.

અષ્ટાંગયોગનો મર્મ "યોગેશ્વર યોગદર્શને",
પ્રસન્ન ભક્તનું હૈયું પદોમાં "ભક્તવર્ષણે".

આર્યસંસ્કૃતિના સાચા એલચી "ઉપનિષદે",
રામાયણ, શિવસ્તોત્રે, ગીતા ભાગવતે બધે.

બિન્દુમાં શિશુવિષ્ણુને તર્પણે માતૃતર્પણ,
અનિકેત, સદ્‌ભક્ત, ધન્ય સર્વ–સમર્પણ!

લોક–સંગ્રહની વૃત્તિ આદિથી અન્ત શું લસી!
ગાંધીગૌરવ ને ગીતા–યુગપદ્ આપમાં વસી.

હોળી થા પ્રગટી આપે દઝાડયા કોઈને નથી,
શુદ્ધ ઘીના દીવા જેવા તમિસ્ર કાપતા મથી.

લેખિની, વાણીથી હીણું કશુંયે પ્રગટયું નથી,
કુરુક્ષેત્રે અનેકોના બન્યા છો ધર્મ–સારથી.

માનસસરના હંસા! ઊર્ધ્વગામી હિમાલયે!
અવ્યક્તેથી અવ્યક્તે બ્રહ્મલીન તમો થયે.

ડો. રણજિત પટેલ (અનામી)

## * યોગીઓ બે પ્રકારના છે. *

આપણે ત્યાં એવી એક વિચારધારા છે કે જ્ઞાની એ પોતે બ્રહ્મ છે, ને જગત પણ બ્રહ્મ છે એ ભાવનામાં સ્થિતિ કરવી જોઈએ. શરીર પ્રત્યે તેણે તદ્દન બેપરવા રહેવું જોઈએ. તાવ આવે, રોગ થાય તો તે શરીરને છે, પોતાને નથી. એમ માનીને સહન કરવું.

તો એક બીજી વિચારધારા છે. શરીર એ બાધા નથી, બલ્કે તેથી ઈશ્વરદર્શન થઈ શકે છે, આત્મલાભ પણ થાય છે, તે ઈશ્વરનું–આત્માનું મંદિર છે. તેને સુંદર, સ્વચ્છમાં સ્વચ્છ ને તંદુરસ્ત રાખવું જોઈએ. શરીરને ખોટાં લાડ ન લડાવવા, પણ તેને સારું, સ્વસ્થ અને તંદુરસ્ત રાખી, પ્રભુપ્રાપ્તિ માટે તેનો યોગ્ય ઉપયોગ કરી લેવો. તે વિચાર-ધારા અમારા મતે સારી છે.

યોગેશ્વરજી



# ઈશાવાસ્ય ઉપનિષદ–(૪)

યોગેશ્વરજી

### (૭) વિદ્યા ને અવિદ્યા

આ ઉપનિષદનો એક મહત્ત્વનો ઉપદેશ વિદ્યા ને અવિદ્યા વિશેનો છે. તે બંનેના ઠીક ઠીક અર્થના સંબંધમાં વિદ્વાનોમાં આજે પણ મતભેદ છે. તોપણ તેનો ભાવાર્થ ગ્રહણ કરવામાં ખાસ મુશ્કેલી પડે તેમ નથી. વિદ્યા એટલે આત્માનું જ્ઞાન–આત્મવિદ્યા ને અવિદ્યા એટલે લૌકિક કર્મ એવો અર્થ પણ લઈ શકાય છે. જે કેવળ લૌકિક કર્મમાં જ રચ્યાંપચ્યાં રહે છે ને કર્મ, કર્ ને કર્મ વિના જેમના જીવનનું કોઈ બીજું ધ્યેય નથી, તેવા લોકો દિવસે દિવસે પરમાત્માને ભૂલતા જાય છે, રાગદ્વેષ ને અનેક પ્રકારના દુર્ગુણ તથા મમતા તથા આસક્તિના શિકાર થાય છે, ને જરૂરી શાંતિ નથી મેળવી શકતા. તેમને જો આત્મજ્ઞાનની પ્રીતિ હોય તો તે જ્ઞાનને લીધે વિવેકી બનીને જીવનની ઉન્નતિની દિશામાં તેઓ આગળ વધી શકે છે ને કર્મ કરતાં કરતાં નિર્લેપ રહેવાનું બળ પણ મેળવે છે. બાકી એકલા કર્મની અંદર રત રહેનારા લોકો મોટે ભાગે જડ, લોલુપ ને અવિવેકી બની જાય છે. તે જ અંધકાર છે.

એકલા કર્મની પાછળ પડવાથી જેમ જોખમ છે તેમ એકલા જ્ઞાનની પાછળ પડવાથી પણ છે જ. જ્ઞાનનું અભિમાન ને જ્ઞાનનો નશો હંમેશાં જોખમકારક છે. તેમાં પડીને માણસ બરબાદ બની જાય છે. જ્ઞાનનો ઉપયોગ કરીને માણસે પરમાત્માને ઓળખતાં

શીખવાનું છે. વધારે ને વધારે આગળ વધવાનું છે. તેને બદલે જો કોઇ જ્ઞાનના ગ્રંથોમાં જ ડુબે, તર્કપટુ બને ને બીજાને પરાસ્ત કરીને પંડિત શિરોમણી થવામાં જ સાર્થક્ય સમજે તો તેમાં જ્ઞાનનું મંગલ નથી. જ્ઞાનના તેવા દુરુપયોગથી માણસે સદાય સાવધાન રહેવાની જરૂર છે. જ્ઞાનનો લાભ લઇને પરમાત્માની પાસે ને પાસે પહોંચવાને બદલે જો કોઇ પંડિતાઇના મિથ્યા મોહ ને અભિમાનમાં રમ્યા કરે તો તે ગાઢ અંધકારમાં જ રમે છે એમ કહી શકાય. ઉપનિષદનો આ ઉપદેશ છે.

એટલે લૌકિક કર્મ ને આત્મજ્ઞાન બંનેનો સુમેળ સાધતાં શીખવાની જરૂર છે. તેથી જીવન સાચા અર્થમાં સુખી ને મંગલમય બનશે. લૌકિક કર્મની સદંતર ઉપેક્ષા જીવનને માટે સદા અનિષ્ટકારક છે, માટે તેમાં પારંગત થવાની જરૂર છે જ. તેવાં કર્મથી મૃત્યુને તરી શકાય છે. મતલબ કે જીવનને ઉજ્જ્વળ બનાવી શકાય છે. અંધકાર મૃત્યુ છે; દીનતા, કંગાલિયત ને પછાતપણું મૃત્યુ છે; તેના સકંજામાં સપડાઇને સંસારમાં હજારો લોકો જીવતાં જ મરી રહ્યાં છે, અથવા મૃત્યુનો અનુભવ કરી રહ્યાં છે. તેમાંથી છૂટવા માટે માણસે પુરુષાર્થી થવું જોઇએ, યોગ્ય દિશામાં યત્ન કરીને આજીવિકાનાં સાધન શોધવાં જોઇએ ને લૌકિક કે સાંસારિક રીતે સમૃદ્ધ ને સુખી થવું જોઇએ. સાથે સાથે સાંસારિક સુધારણા, સુખ ને સમૃદ્ધિમાં ડુબી જવાય ને પરમાત્માને ભૂલાય નહિ તેનું પણ ધ્યાન રાખવું જોઇએ. ને તે માટે તેણે પરમાત્માના પ્રેમી કે આત્માના અનુરાગી થવું જોઇએ; આત્મિક જ્ઞાનની જ્યોતિ જગાવવાનો નિરંતર પ્રયાસ કરવો જોઇએ. તો જ્ઞાનની સમ્યક્ સાધનાથી અથવા પરમાત્માની આરાધનાથી તે જીવનને અમૃતમય બનાવી શકે.



એટલે સાંસારિક કર્મ કે સુધારણાની સૂગ અથવા આત્મજ્ઞાન ને આત્મિક વિકાસની અરુચિ એ બંનેનો માણસે ત્યાગ કરવાની જરૂર છે. બંને જીવનને માટે ઓછાં અનિષ્ટકારક નથી. પંખીની જેમ માણસે બે પાંખે ઊડવાનું છે. કર્મ ને જ્ઞાન બંનેનો સમન્વય સાધવાનો છે, ને બંનેની મર્યાદા જાણી લઇ જીવનને ઉજ્જ્વળ ને પુષ્ટિકારક કરવા માટે બંનેની મદદથી મહેનત કરવાની છે. તેથી દુન્યવી દુઃખ દૂર થશે ને માનવ સાચા અર્થમાં માનવ બની પરમાત્માની પ્રાપ્તિ કરશે.

સંભૂતિ ને અસંભૂતિ વિશે પણ આવું જ સમજવાનું છે. સંભૂતિ પ્રકૃતિની ઉપાસના છે. સંભૂતિનો અર્થ સર્જન કે પ્રકૃતિ લઇ શકાય. અસંભૂતિ એટલે પરમાત્મા. સાંસારિક સુધારણાના મોહમાં પડીને માનવ આત્મોન્નતિને ભૂલે નહિ તે જરૂરી છે. પ્રકૃતિના પદાર્થોના ચળકાટમાં ભાન ભૂલીને તે પરમાત્માને ભૂલે નહિ તે માટે તેણે ધ્યાન રાખવાનું છે. સંભૂતિને આપણે વિજ્ઞાન પણ કહી શકીએ. તેનો આવિષ્કાર સંસારને સુખમય કરવા માટે વપરાય તે માટે સાવધાન રહેવાની જરૂર છે. નહિ તો તે જીવનને માટે અભિશાપરૂપ બની જાય. વિજ્ઞાનની શોધનો લાભ જીવનને સુખમય કરવા માટે લઇને માણસે ઈશ્વરપરાયણ પણ થવું જોઇએ. તો જ તે જીવનને મંગલમય કરી શકે. વિજ્ઞાનની આરાધના માનવતાને ભુલાવનારી કે નગણ્ય ગણનારી ન હોવી જોઇએ તે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કેટલાક માણસો કર્મ ને વિજ્ઞાન અથવા સાંસારિક સુખાકારી પ્રત્યે સૂગ રાખે છે. તેમણે પોતાની ભૂલ સુધારવાની છે. જીવનની ઉન્નતિ માટે બંને પોતપોતાના સ્થાનમાં આવશ્યક છે.

## (૮) ભૂતકાળની સ્મૃતિ

ભૂતકાળને યાદ કરી તેમાંથી જરૂરી સાર કે બોધપાઠ ગ્રહણ કરવાથી વર્તમાન જીવનને વધારે ને વધારે ઉત્તમ ને મધુમય બનાવી શકાય છે. ભૂતકાળને યાદ કરીને વધારે ને વધારે દુ:ખી થઈને બેસી રહેવાની જરૂર નથી, પરંતુ તેમાંથી જરૂરી સાર ગ્રહણ કરવાની જરૂર છે. ભૂતકાળની સ્મૃતિ એ રીતે જ ઉપકારક છે.

ઋષિ પ્રાર્થના કરતાં કહે છે કે હે પરમ પ્રકાશમાન પ્રભુ ! તમારા પ્રકાશનું અમે ધ્યાન કરીએ છીએ. એ પ્રકાશના પ્રભાવથી અમારા અંતરનો અંધકાર દૂર થઈ જાય, અમારાં કુકર્મનો અંત આવે ને તમારો સાક્ષાત્કાર કરવાની અમે શક્તિ મેળવીએ એવી કૃપા અમારા પર તમે કરી દો. અમે તમને નમસ્કાર કરીએ છીએ.

એ પ્રાર્થનામાં સૂર પુરાવીને આપણે પણ કૃતાર્થ થઈએ છીએ.

(સંપૂર્ણ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

સાધકમાં શિશુજેવી સરલતા, નિષ્કપટતા, નિખાલસતા ના આવે અને સાધક શિશુસમાન રાગદ્વેષરહિત, શુદ્ધ, ભોળો ના બને, જીવનને પરમાત્માના પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત કરીને એમના અલૌકિક અનુગ્રહને અનુભવવા આતુર ના બને, ત્યાં સુધી ગમે તેવા ને ગમે તેટલા સાધનો કરવામાં આવે તોપણ પરમાત્માનો સુખદ સાક્ષાત્કાર નથી સધાતો.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૭૭૯૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji@yahoo.Com

# સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરી-રૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઈક ને કંઈક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ડો. બી. જે. જાગાણી)

**પ્રશ્ન :** સંત કે મહાત્મા અથવા આધ્યાત્મિક માર્ગના પ્રવાસી-એ વર્તમાનપત્રો વાંચવા કે નહીં? ઘણા મહાત્માઓ તેમ કરવાની ના કહે છે. તે વિશે આપ શું કહો છો?

**ઉત્તર :** હું તો એટલું જ કહું છું કે જો વાંચવાની ઇચ્છા થાય તો વાંચવા. તેનો કોઈ દોષ નથી. વર્તમાનપત્ર વાંચવામાં ચોરી, જુગાર કે વ્યભિચાર જેવું અનિષ્ટ રહ્યું નથી કે તેનો ઇન્કાર કરી શકાય. વર્તમાનપત્રોમાં દેશ, દુનિયા ને સમાજના બનાવોની માહિતી મળે છે, તેમ જ બીજી પણ જાણવા જેવી માહિતી હોય છે તે માહિતીથી પરિચિત રહેવું સારું છે. આપણે આધ્યાત્મિકતાને પાંગળી કે એકાંગી કરવી નથી. તેમ જ તેને જીવનમાં બીજા અંગોથી દૂર લઈ જઈ 'આભડછેટ' પોષનારી બનાવવી નથી. આધ્યાત્મિકતા એટલે જીવનથી દૂર જવાનો માર્ગ નથી, પરંતુ



જીવનની વાસ્તવિકતા ને વિવિધતાને સ્વીકારી તેની વચ્ચે નિર્લેપ રહેવાની સાધના છે. આજની સ્થિતિમાં તમારે લોકોની સેવા કરવાની પણ જરૂર છે ને તે માટે લોકોના સુખદુઃખ, સમાજ ને દેશની સમસ્યાઓ અને દુનિયાના પ્રશ્નોથી પરિચિત રહેવાનું છે તો જ તમે લોકોની નાડ પારખી સાચી ઔષધિ આપી શકો. જે એકાંતવાસી છે, કેવળ આત્મનિષ્ઠ મહાત્મા છે, તે દુનિયાના પ્રશ્નોથી માહિતગાર ન રહે તો ભલે, જો કે રહે તો સારું છે, પરંતુ આવી લોકહિત કરનારી વસ્તુનો તેને અણગમો કે તિરસ્કાર તો ન જ હોવો જોઈએ.

વર્તમાનપત્રો વાંચવાથી ચંચલતા થાય છે એવું કોઈ કોઈ સાધુપુરુષોનું કહેવું છે. પણ તે દલીલ પણ ઠીક નથી. વર્તમાન-પત્રમાં ચંચલતા થાય એવું વધારે ભાગે કાંઈ જ નથી હોતું, જેવું કે સીનેમા–નાટકોમાં હોય છે. ને તે છતાં ચંચલતા થાય એવું લાગે તો દોષ કોનો, વર્તમાનપત્રોનો? મહાત્માઓનો? નાની સરખી વાતથી ચંચલતા થાય તેને મહાત્મા જેવું મોટું નામ આપી જ કેમ શકાય? તેને તો ચંચલાત્મા કહેવો જોઈએ. ને સાધારણ સાધકે પણ એવી માની લીધેલી ખોટી ચંચલતામાંથી મુક્ત થવાનું બળ મેળવવું જ જોઈએ કેમ કે તેનો અંતિમ આદર્શ તો ગીતાના શબ્દોમાં જુદો જ છે. ગીતા કહે છે કે જેવી રીતે ભરપૂર સમુદ્રમાં જુદાં–જુદાં ઝરણાં ને નદીનાળાં મળે છે, છતાં સમુદ્ર પોતાની મર્યાદા તોડતો નથી, તેવી રીતે સ્થિતપ્રજ્ઞ મહાત્મા જુદાં–જુદાં પ્રસંગ કે કામનાથી ચલાયમાન કે ચંચલ ચિત્તનો થતો નથી. એટલે શરૂઆતમાં સલામતી તરીકે સાધક વર્તમાનપત્રથી દૂર રહે તે ભલે, પણ હંમેશને માટે તેનું સમર્થન કરવું ને તેને જ પ્રોત્સાહન આપવું ઠીક નથી. આધ્યાત્મિક પુરુષોએ દેશ ને દુનિયાથી પોતાનો સંબંધ કાપી નાંખવાનો નથી. પણ દેશને–

દુનિયાને કામ આવવાનું છે. તેવી રીતે આધ્યાત્મિક પુરુષો કામ કરશે ત્યારે જ દુનિયા આધ્યાત્મિકતા ને સન્માનનીય ને જરૂરી માનશે.

**પ્રશ્ન :** પાકનો નાશ કરનારાં તીડ, ઉંદર, વાંદરા વિગેરેને મારવાં કે નહીં? કરડવા આવે તો તેને મારવાં કે કરડવા દેવા?

**ઉત્તર :** બંને પ્રશ્નો એકી સાથે જ લઉં છું. ત્રણ વસ્તુનો વિચાર કરવાનો છે. એમાં બે શક્યતાઓ ને છેલ્લે ત્રીજો નિર્ણય છે. તીડ ને વાંદરાથી પાકને નુકસાન થાય છે તે સહન કરવા તૈયાર છો? અથવા તો સાપ કરડે તેથી જે પરિણામ નીપજે તે ભોગવવા તૈયાર છો? અથવા તો તે બધાનં હૃદયપરિવર્તન કરી તેમની હિંસકવૃત્તિને પરાજીત કરવાની શક્તિ છે? આમાંથી કોઇ પણ વસ્તુની હા હોય, તો તેમને મારવાની જરૂર નથી. પણ જો ના હોય તો તમારે તેમની હિંસા કરવી જ રહી, તે એક ફરજ બને છે. અલબત્ત, એવી હિંસા રક્ષા માટે જ છે એ ભૂલવાનું નથી. અને હિંસા વિના તમે તેમનાથી છૂટકારો મેળવી શકતા હો તો મેળવવા પ્રયાસ કરવાનો છે. બાકી તમારી હિંસા–અહિંસાની ફિલસૂફી જીવનની શક્તિ ને વાસ્તવિકતા પર રચાયેલી હોવી જોઇએ. જે ફિલસૂફી રક્ષા માટે યુદ્ધની ફરજ સ્વીકારે છે, તે ફિલસૂફી રક્ષા માટે હિંસાનો પણ સિદ્ધાંત પણ સ્વીકારી જ ચૂકી છે. ને દુનિયાં જ્યાં લગી સ્થિતપ્રજ્ઞદશા કે મહાત્માપદે પહોંચી નથી ત્યાં લગી તે સિદ્ધાંત કાયમ જ રહેવાનો છે.

**પ્રશ્ન :** એક વિદ્વાને કહ્યું છે કે કૃષ્ણ કૃષ્ણ કરવાથી કાંઇ ના વળે. કૃષ્ણ શબ્દનો અર્થ જાણ્યાવિના કાંઇ ફળ મળે નહીં. તો શું પ્રભુના નામનો અર્થ જાણ્યાવિના તે જપીએતો તેનું ફળ ના મળે?



**ઉત્તર :** તમે કહો છો તે વિદ્વાન જ્ઞાની છે. એટલે જ્ઞાનની રીતે તેમણે આ વિચાર રજૂ કર્યો છે, જ્ઞાની હંમેશાં કોઇ પણ શબ્દના અર્થમાં ને તેની વ્યુત્પત્તિ કરવામાં વધારે આનંદ માને છે. પણ ભક્તનું તેવું નથી. પ્રભુના નામજપનો રસ વધારે ભાગે ભક્તપુરુષ માણે છે. તેવા ભક્તને પ્રભુના કોઇ યે નામનો અર્થ જાણવાની જરૂર નથી. તે જાણે તો ભલે–તેથી વધારે આનંદ આવશે, પણ નહીં જાણે તોય ખોવાનું તો કંઇ જ નથી. જે નામ પોતે જપે છે કે સ્મરે છે, તે નામ પ્રભુનું નામ છે એટલું જ જાણવું ભક્તને માટે પૂરતું થાય છે. પોતે પ્રભુનું મધુર નામ રટી રહ્યો છે એથી વધારે અર્થ ભક્તને જાણીને શું કરવું છે? તે તો પ્રભુના નામને આનંદથી ગાય છે. ઉલ્લાસથી જપે છે ને સ્મરણના રસથી તરબોળ બને છે. તેનાથી તેને પ્રભુની પ્રાપ્તિ થઇ જાય છે, ને પછી જરૂર હોય તો પ્રભુ પોતે જ તેને પોતાના અર્થ અને પોતાનું રહસ્ય જણાવે છે. બાકી શબ્દાર્થમાં પડવાથી ભાવ કરતાં બુદ્ધિની કસરત જ વધારે સૂઝે છે, ને શંકા વધારે થાય છે. પ્રભુ તો કેવળ વિશ્વાસથી મળે છે. પ્રભુના નામમાં અટલ વિશ્વાસ એ જ પ્રેમીની મૂળભૂત આવશ્યકતા છે. આની સાથે હૃદયશુદ્ધિ સાધવા કામ, ક્રોધ, દ્વેષ, અભિમાન, મમતા વિગેરેને દૂર કરવા પ્રયાસ કરવો જોઇએ. નામનો અર્થ નહિ જાણો તો ચાલશે, પણ હૃદયશુદ્ધિ નહિ હોય ને વિશ્વાસ નહિ હોય તો પ્રભુ નહીં મળે. અંધારાનું આવરણ દૂર કરો એટલે પ્રકાશરૂપી પ્રભુ તરત દેખાશે. આ જ જરૂરી વસ્તુ છે ને આની જ પર ભાર મૂકવાનો છે.

જુઓને, આ વિશ્વાસના બળથી વાલ્મીકિ તરી ગયા. 'મરા મરા' કરતાં તે પ્રભુદર્શન પામ્યા. નારદજીએ તેમને પ્રભુનામ જપવા કહ્યું. બસ, એ જ તેમને માટે પૂરતું થયું. તેના અર્થની

પંચાયતમાં તે પડયા નહિ. નરસી ને તુકારામ કયા વ્યાકરણ-શાસ્ત્રીને ત્યાં ભણ્યા હતા? છતાં પ્રેમના બળથી તે પ્રભુને પામી ગયા. ને પ્રભુના રહસ્યને તેમની જ દયાથી તેમણે જાણ્યું.

ગંગામાં તમે તેનો ભૌગોલિક ને આધ્યાત્મિક મહિમા જાણી-ને પડો, કે તે ગંગા જ છે એટલું જાણીને પડો, પણ તમે ભીંજાવાના તો ખરા જ, ને સ્નાનનો આનંદ પણ તમને મળવા-નો. તેવું જ પ્રભુના નામનું છે. માટે તેને તો જપ્યે જ જવું. તેથી પ્રભુ જરૂર મળે. એક સાધારણ માણસનું નામ રટીએ તોપણ આવતું જતું કોઇ તેને ખબર પહોંચાડે, ને નામના પ્રભાવથી તે માણસ છેવટે મળે. તો પછી આ તો સર્વસમર્થ પરમાત્મા છે. સર્વશક્તિમાન પ્રભુ છે. તે તમારો પુકાર સાંભળીને કેમ ના આવે? ફક્ત અચલ શ્રદ્ધાથી તે પુકાર ચાલુ જ રાખવો જોઇએ. તે પુકાર જ પ્રભુના હૃદયમાં પહોંચી પ્રભુને તમારી પાસે ખેંચી લાવશે.

**નોંધ**

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના ૧૬૦ જેટલા પત્રોનો એક સંગ્રહ હિમાલયના પત્રોના નામે ૧૯૭૫ માં લગભગ પ્રસિદ્ધ થયેલો છે. તેમાં તેઓએ તપશ્ચર્યા કરીને જે અદ્દ્ભુત જ્ઞાન પ્રાપ્ત કર્યું તે આ પત્ર-સાહિત્યમાં રજૂ થયેલ છે.

તંત્રી



# યોગસાધનામાં આસનોની આવશ્યકતા-(૨)

ડૉ. પ્રકાશ ગજ્જર

પહાડ જેવો ઉડિયા યુવક સંઘેશ જ્યારે યોગી રામચરણને મળવા ગયો ત્યારે આ અંગ્રેજ યોગીએ નિસાસો નાંખ્યો. સંઘેશે પૂછ્યું :

'મારી કોઇ ભૂલ થઇ?' 'ભારે ભૂલ થઇ છે.' ને સમજાવો.'

'તેં માત્ર બહારના શરીરને જ પહાડ જેવું બનાવ્યું છે.'

'ના, એવું નથી, મારા સ્નાયુઓ પણ પથ્થર જેવા થયા છે. રાતદિવસ એ માટે મથતો રહ્યો છું.'

'યોગમાર્ગે જવામાં એ મથામણ બીજે માર્ગે વાળવી પડશે.'

'એટલે?'

આ માટે થોડી સમજણ કેળવવી પડશે. શરીરનો મુખ્ય આધાર જ્ઞાનતંતુઓ છે. એટલે માત્ર સ્નાયુઓ સુદૃઢ કર્યે ત્રીજા ભાગનું કામ પણ નહિ થાય. તારે જ્ઞાનતંતુઓ અને નાડીજાળ ઉપર પણ ધ્યાન આપવું પડશે.'

'તો શું કરું?'

'આસાન અને પ્રાણાયામ તરફ ઝોક વધારવો જ પડશે.'

'હું રોજ છ કલાક વ્યાયામ તો કરું છું જ. એમાં સવારસાંજ એક એક કલાકનો ઉમેરો કરવામાં મને વાંધો નથી.'

'ભાઈ, આમાં એટલો સમય ના જોઈએ.'

'ના, ઓછો જોઈએ. આ સાધના એવી સચોટ ને સઘન છે કે થોડા સમયમાં જ એની અસર થવા માંડે છે.'

'એ તો સરસ કહેવાય.'

'યોગાસનોનો અભ્યાસ ઝાઝો સમય લેતો નથી કે મન અને શરીર ઉપર એનો કોઈ ભારે બોજ પડતો નથી. એ એનો મોટામાં મોટો લાભ છે.'

વારંવાર સમયની બૂમ પાડનારાઓ માટે આ ખરેખર એક સારા સમાચાર કહેવાય. રોજ સવારે ને સાંજે અડધો કલાક આ સાધનાને આપી શકાય તો બસ થઈ પડે. પછી તાલીમ, રસ અને અનુભવ વધતાં લાભ અને આનંદની માત્રા પણ વધે છે. એ સાથે સમય વધારવાનું વધારે સરળ બની રહે છે.

સાવ નબળી પડી ગયેલી નંદાએ માત્ર પાંચ જ મિનિટથી શરૂઆત કરેલી. આજે એ સવારે ને સાંજે એક એક કલાક તો આસનો કરે જ છે. એ કાંઈ પહેલવાન જેવી બની ગઈ નથી. પણ એનું શરીર ક્યારેય ના થાકે એવું બની ગયું છે. એની સ્ફૂર્તિ જુઓ તો સમજાય. નબળા શરીરવાળો પણ સાદાં આસનોથી શરૂઆત કરી શકે છે. એની શક્તિ વધતાં એ વધારે ઊંચી કક્ષાનાં આસનો કરીને વધારે ને વધારે લાભ પામી શકે.

એમનું નામ હતું સરસ–બુદ્ધદેવ. સરસ માણસ. અમેરિકામાં ચાર વરસ રહેલા. મને એ પ્રયાગના મેળામાં અચાનક ભટકાઈ ગયેલા. યોગની વાતો નીકળી : 'હઠયોગ શીખવા માટે અહીં આવ્યો છું.'

મેં પૂછ્યું : 'કોઈ હઠયોગી મળ્યા?'



'ના. પણ મારી શોધ ચાલુ છે. મારે કોઈ નિષ્ણાત આસનજ્ઞની જરૂર છે.

'એ માટે કોઈ ખાસ કારણ છે?

'હા. હું એનો નિષ્ણાત બનીને કેનેડામાં હઠયોગ શીખવવા માગું છું.'

મોટા મોટા વિદ્વાનો પણ આસનો વિશે આવી જ ગેરસમજણ ધરાવે છે, એ મેં જોયું છે. આસનોને માત્ર હઠયોગ માનવાની ભૂલ કરવામાં આવી છે, પણ એવું નથી. વાસ્તવમાં હઠયોગનું આખું તત્ત્વ જ અવળું સમજાયું છે. પણ એ ચર્ચા ઘણી લાંબી થઈ જાય એટલે આ ચિંત્ય મત રજૂ કરીને હું આગળ ચાલીશ. અસંખ્ય જગાએ જોવા મળતી પરંપરાગત માન્યતાઓની વિરુદ્ધ જઈને પણ હું કહીશ કે, આસનો અને હઠયોગને ભેગાં કરવાં એ બરાબર નથી. પણ એ ચર્ચા ફરી ક્યારેક. અત્યારે એટલું જ કહીશું કે હઠયોગ આસનાદિ પ્રક્રિયાથી ઘણો આગળ જાય છે.

આનો અર્થ એવો નથી થતો કે આપણે આસનોને ઓછું મહત્ત્વ આપીએ છીએ. જીવનકલાના સ્વામીની જેમ, યોગી પણ પૂરા સંતુલિત જીવનની સાધના કરવામાં જ રસ રાખે. છતાં એક માણસ જોરજુલમથી ત્રણ કલાક એક જ આસને બેસી રહે એ વિજય નાનોસૂનો નથી. એનું એવું તપ કદી એળે જતું નથી. અલબત્ત, એનો ઉપયોગ કરવો જોઈએ. પોતાના શરીર ઉપર આટલો કાબૂ મેળવનાર માણસ કેટલીક બાબતો આપોઆપ સિદ્ધ કરી નાંખે છે.

આનો મોટામાં મોટો લાભ એ થાય છે કે મનની ચંચળતા

ઉપર પણ એ સ્વયં સ્વામીત્વ ધારણ કરવા લાગે છે. તમે પાંચ જ મિનિટ હાલ્યાચાલ્યા વગર બેસજો. એ વખતે મન તો ઠીક, શરીર પણ બળવો કરવા લાગશે. પાંચ મિનિટ કેટલી મોટી છે તેનો ખ્યાલ આવશે. પોતાની જાત ઉપર નિયંત્રણ રાખવાનું કેટલું કપરું છે એ સમજાશે. ત્યારે ત્રણ કલાક એક જ આસને બેસવું એ જેવીતેવી વાત નથી. પણ બેસવાને જ જો અંતિમ તત્ત્વ માની લેવામાં આવે તો વાત પૂરી થઇ જાય. આને પણ હું સિદ્ધિ જ કહું છું. એનો યોગ્ય લાભ ના લેવાય તો એનો ઝાઝો અર્થ રહેતો નથી.

આમ આસનવિદ્યા એ વ્યાવહારિક યોગસાધનાનો એક સુંદર ભાગ છે. આ સત્યને સમજીને આસનોની અવગણના ક્યારેય કરવાની નથી. જે લોકોને સીધી જ સમાધિ લાગતી હોય તેમને હાર્દિક અભિનંદન આપજો. પણ ક્રમશઃ પગથિયાં ચઢશો તો એ તમારે માટે ખૂબ લાભકારક બનશે.

વિમળભાઇને ત્યાં મારે રાત રોકાવાનું થયેલું. રાત્રે સૂતી વખતે વિમળભાઇ મને કહે : 'આજે સવારે જાગવા માટે તમારે ક્ષમાયાચના કરવાની જરૂર નથી.' 'એટલે?'

'અમે બધાં જ વહેલાં જાગીએ છીએ : આપણા કિશોરનો ચાર વર્ષનો બાબો અને નાના કેતનની પત્ની પણ.' 'એટલાં વહેલાં શા માટે?'

'અમે બધાં વહેલી સવારે યોગાસનો કરીએ જ છીએ!'

નાનાંમોટાં બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ, પુરુષો—સહુ આસનો કરી શકે એ રહસ્ય એમને એક રમતા જોગીએ સમજાવ્યું હતું. એક મહિનો વિમળભાઇને ત્યાં રહીને એણે બધાંને આસનોમાં રસ



લેતાં કર્યાં હતાં. અંધભક્તિમાં ફસાયેલા વિમળભાઇએ આ વાત પકડી લીધી—મૂળે વેપારી ખરા ને! મેં જોયું કે આસનોની અસર બધાંનાં શરીર ને ચહેરા પર વરતાતી હતી.

આ રમતાજોગી એમને કહેતા : 'આસન જરૂર કરના, પર અંધા મત બનના.'

એમની વાત સો ટકા સાચી. એક રીતે જોતાં આસન એ વસ્ત્રના જેવાં છે. દરેકને એક જ માપ અને પ્રમાણ કામમાં ના આવે. વય, શક્તિ, જાતિ, નીરોગિતા વગેરેનું પ્રમાણ જોઇને આસનતાલીમ નક્કી થવી જોઇએ. જો બધાંને એકી લાકડીએ હાંકવામાં આવે તો સંજોગવશ ગેરલાભ પણ થવાનો સંભવ ગણાય. આમ વિવેક તો જાળવવો જ પડશે. આંખો મીંચીને કરવાનું આ કામ નથી.

એક વખત સુરેન્દ્રનાથ મને કહે : 'જેમાં માત્ર આસનોના લાભ જ દર્શાવ્યા હોય એવું કોઇ પુસ્તક છે?' 'તમારે શું કરવું છે?'

'એ વિશે વાંચીને મારે ઉત્સાહવાળા થવું છે.'

એ ઉત્સાહવાળા થવા માગનારને મેં સમજાવ્યું કે એના લાભ કેટલા બધા છે! એ તો તરત જ ઊપડયા બાજુના ખંડમાં આસનો કરવા માટે.

મેં એ અતિ ઉત્સાહી જીવને વાર્યા. ઉત્સાહમાં કાંઇક અજુગતું ના થઇ જાય એ ધ્યાનમાં રાખવું જોઇએ ને!

લોહીનું દબાણ ઘટાડે એવી દવાઓ અને પ્રક્રિયાઓ શોધવા-માં આધુનિક વૈદકીય વિજ્ઞાને પોતાની ઘણી શક્તિઓ ખર્ચી નાંખી છે. શબાસન જેવું નિર્દોષ આસન આ માટે અજબ રીતે ઉપયોગી થાય છે. મારી નજર સામે ઘણા લોકોએ આસનોના યોગ્ય

ઉપયોગથી કબજિયાત જેવા હઠીલા રોગોમાંથી મુક્તિ મેળવી છે. પશ્ચિમોત્તાનાસન અને અર્ધમત્સ્યેન્દ્રાસન આ માટે ચમત્કારનું જ કામ કરે છે. સમજી શકાય એવું છે કે, આડેધડે આસનો શરૂ કરી દેવાથી સવારના જ કબજિયાત ના મટી જાય. પણ ક્રમશઃ પાચન-શક્તિ વધે ને પેટના રોગો ઘટવા માંડે એમાં કોઈ શંકા નથી.

અનિદ્રા આજના યુગનો મોટો શાપ છે, એના નિવારણ માટે માણસો કેટલી મહેનત કરતા હોય છે! આ માટે આસનો કરવામાં આવે તો અનિદ્રા ક્યાંય ઊભી ના રહે. આ વિશે પૂર્વ અને પશ્ચિમના ઘણા સંશોધકોએ પાર વગરના પ્રયોગો કરીને આસનો-ને આ અનિદ્રાના ઉપચાર માટે ઉત્તમતાનું પ્રમાણપત્ર આપ્યું છે. ઘણાબધાને સ્પષ્ટ સમજાઈ ગયું છે કે, શરીર અને મનને લગતી જે કોઈ સંયુક્ત બાબતો છે ત્યાં—ત્યાં સર્વત્ર આ આસનો અજબ અસર પહોંચાડે છે. હવે એ લોકો આ માટે ખાસ ભલામણ પણ કરવા લાગ્યા છે.

સંજય અમારે ત્યાં આવે ત્યારે મારાથી સહેજ પણ છૂટો ના પડે. પણ ગઈ કાલે આવતાંની સાથે જ કહે : 'માફ કરજો, પા કલાકમાં આવું છું.' 'ક્યાં ચાલ્યો?' મેં પૂછ્યું. 'સાધનાખંડમાં આસનો કરવા.'

'તને કાબાને વળી ક્યારથી રસ પડયો?'

'છેલ્લા ત્રણ મહિનાથી કરું છું. રોજ સવારસાંજ પા કલાકનો સમય આપું છું. પણ એના બદલામાં મને જે મળ્યું છે એ અકલ્પ્ય છે.'

સમય ઓછો જાય છે એ મનને વારંવાર યાદ આપવું જોઈએ. તો જ એ આસનો તરફ વળશે. મનની મોટી દલીલ સમયના અભાવ વિશેની હોય છે. અનેક પ્રવૃત્તિઓ, વિચારો અને



ચિંતાઓ માણસનો ઘણો સમય ખાઈ જાય છે. સાવ બિનજરૂરી બાબતો પણ એને રોકી રાખે છે. માણસ જેમ વધારે નવરો એમ એને સમયની વધારે ખોટ! આમ, આજના માણસને સમયના વાંખા હોય છે. એમાં અરધો કલાક વ્યાયામ પાછળ શી રીતે ગાળી શકે? એને ઓછો સમય લેતાં આસનો વધારે ફાવે.

વળી આસનો કરવા માટે ઘરમાં અખાડો ઊભો કરવાની પણ કોઈ જરૂર નહીં. ન તો વધારાનાં સાધનો વસાવવાનાં. ઘરનો એકાદ ખૂણો ચાલી શકે. ઊભા થવાની અને સૂઈ જવાની જગા હોય એટલે પત્યું. ઘરમાં ધાબળો, પછેડી કે શેતરંજી તો હોય જ. એનું આસન બને. પાંચપચાસ ખરીદીને કાંઈક લાવવાનું હોય તો વળી ઉત્સાહ ના પણ જાગે. આમાં જગા પણ ઓછી જોઈએ ને સગવડો પણ નહિવત્; એટલે આસનો કરવાનું શરૂ કરવાનું મુશ્કેલ તો ના જ કહેવાય.

યાદ તો નથી આવતું પણ કોઈ અનુભવી વૈદરાજે એક જૂની બંગાળી પોથીમાં આસનોને 'વાજીકરણ' કહેલાં. વાજીકરણ એટલે આખા શરીરના અણુઅણુને બદલી નાંખી શકે એવો સઘન રાસાયણિક ખોરાક. આ અનુભવી વૈદરાજે આવો શબ્દ શા માટે વાપર્યો હશે એ વિશે હું લાંબો સમય વિચારતો રહેલો. આજે વર્ષોના અનુભવ પછી કહી શકું છું કે એમણે સચોટ શબ્દનો ઉપયોગ કર્યો હતો. એની સચ્ચાઈનો અનેક માણસોએ અનુભવ કર્યો છે અને તમે પણ કરી શકો છો.

મનને સાચો ઉત્સાહ આપવા માટે કહો કે આ વજીકરણ રસાયણ છે ને એનો ઉપયોગ આનંદ ને શક્તિ માટે કરવાનો છે. એમની ઉપાસનાથી તમને આ બંને ભરપટ્ટે મળશે એની ખાતરી રાખજો. □

॥ ૐ ॥

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે, કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

- ★ **તમારૂ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.**
- ★ **અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.**

## શ્રી વિજયભાઈ પંડિતજી

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)

પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

**ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.**

**ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧**

EMAIL : pandat@indya.com

**સમય : દરરોજ સાંજે ૪થીટ રવિવારે રજા.**

॥ ૐ ॥

## શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ-વડોદરા.

**સત્સંગ** : દર રવિવારે સાંજે ૬:૦૦ થી ૯:૦૦ નિત્ય સત્સંગ ચાલે છે.

**વેચાણ** : પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. મા સર્વેશ્વરી દેવીના પુસ્તકો, શિવમહિમ્ન સ્તોત્ર, સરળગીતા, વિષ્ણુ સહસ્ત્રનામ વિ. જેવા પુસ્તકો, સ્વરૂપો અને કેસેટોનું વેચાણ અહીં કરવામાં આવેછે.

**લાયબ્રેરી** : પ. પૂ. મા પ્રભુનાં પુસ્તકો અને કેસેટોની લાયબ્રેરી અહી ઉપલબ્ધ છે.

**લવાજમ** : અધ્યાત્મ માસિકનું વાર્ષિક તેમજ આ જીવન લવાજમ અહીં સ્વીકારાય છે.

**જાહેરાત** : જો તમારે અધ્યાત્મ માસિકમાં જાહેરાત આપવી હોય તો અહીયા સ્વીકારાશે.

★ સ્થળ ★

## શ્રી વિજયભાઈ પંડિતજી.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

**ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૩૯૦ ૦૧૭.**

**ફોન નંબર : ૯૧ (૦૨૬૫)-૪૩૬૨૧૬**

**ફેક્સ નંબર : ૯૧ (૦૨૬૫)-૪૩૫૩૭૧**

EMAIL : pandat@indya.com

ભૂકંપની ભૂતાવળો વચ્ચે

# પૂ. માની પુનિત સરવાણિ

તંત્રી

(૧)

એકવીસમી સદી ૨૦૦૧ નો પહેલો પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુ. ગુજરાતના કેટલાક વિસ્તારો ને લોકો માટે ગોઝારો દિવસ બની ગયો. ભયંકર ભૂકંપથી ધરતી એવી તો ધ્રૂજી કે કચ્છ વિસ્તારનાં કેટલાંક શહેરો અને ગામડાં નેસ્તનાબૂદ થઇ ગયાં, તો બાજુના રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાનાં કેટલાય ગામો આ વિનાશક ધ્રૂજારીમાંથી ના ઉગરી શક્યાં. અરે, અમદાવાદ શહેરની કેટલીય બહુમાળી ઇમારતો પત્તાનાં મહેલની જેમ પડી ગઇ–તેમાં કેટલાય માનવો દટાઇ ગયા, દબાઇ ગયા ને મરણાધીન થયા, તો હજારો ઘાયલ થયા ને બેઘર બન્યા. આ ધ્રૂજારીએ છેક સુરત સુધી વિનાશ વેર્યો ને ત્યાં પણ કેટલાક ઊંચી ઇમારતોમાં ફસાયેલા મૃત્યુ પામ્યા કે માણમાણ બચ્યા.

ભગવાને પોતાનું રુદ્ર સ્વરૂપ આ રીતે દર્શાવ્યું તો–ધરતી પર વસતી કારુણ્યમૂર્તિ મા સર્વેશ્વરી દ્રવિત થયાવિના થોડી રહી શકે?

વિનાશ એટલો વિસ્તૃત કે "આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં દેવું?" એવા હાલ, કવિ શ્રી પાલનપુરીનું કાવ્ય તેનો ચિતાર આપે છે. પૂ. મા આ ઘટના ઘટી, ત્યારે અમદાવાદથી અંબાજી આવી રહ્યાં હતાં–રસ્તામાં જ હતાં, અંબાજીમાં એની અસર ન હતી. છેક સાંજે ખબર પડી કે કચ્છમાં ભૂકંપે ભયંકર વિનાશ વેર્યો છે.



તો પૂ. માએ રાતથી જ ભૂકંપ પીડિતો માટે સુખડી ને ગાંઠિયા, તેમ જ સીંગ–ચણાનાં પેકેટો બનાવવાનો યજ્ઞ આરંભી દીધો. સ્વર્ગારોહણના સાધકોએ ૨૪ કલાક એકધારો શ્રમ–પૂ. માની હાજરીમાં કરી–એક ખાસ ટ્રકમાં ભરી આઠ સાધકો સાથે–પીડિતોને પોતાના હાથે જ ખાદ્યસામગ્રી વહેંચવા મોકલ્યા. પૂ. માના પ્રેમી ભક્ત શ્રી બિપિનભાઇ તન્નાના ભૂજમાં વસતા સસરા શ્રી પ્રાણજીવનભાઇ ઠક્કરનું માર્ગદર્શન આમાં તેઓને મળી રહ્યું. તેઓનો બચાવ કેવી રીતે થયો–તેની વિગતો તેમના લેખમાં રજૂ થઇ છે, તે જુઓ.

(૨)

પ્રભુની કૃપા કહો કે પૂ. માની રક્ષા ગણો–કિન્તુ પૂ. માના આશ્રિત સાધકોનો બધે જ બચાવ થયો. પૂ. માએ મોરબી, રાજ-કોટ, અમદાવાદ, સુરત, વડોદરા બધે જ ટેલીફોનો જોડી સહુ સાધકોના ક્ષેમકુશળ જાણી લીધા. પૂ. માને થોડી નિરાંત થઇ. જો કે પૂ. માએ પહેલા દિવસે જ સહુ સાધકોને એકત્રિત કરી–જેમના જાન ગયા હતા તેમની સદ્‌ગતિ માટે, જેઓ ઘાયલ થયા હતા, તેમની યાતના ઓછી થાય ને પીડા સહેવાની પ્રભુ તેમને શક્તિ આપે અને જેઓએ પોતાનાં સ્વજનો ગુમાવ્યાં હતાં, તેમને વિયોગની વિપત્તિનું દુઃખ સહેવાની પ્રભુ શક્તિ ધરે, એવી સમૂહ પ્રાર્થના કરાવી. જો કે પૂ. માનું હૃદય આવા દુઃખી પરિવારો માટે સતત દ્રવતું જ હતું. તેમને એમ સતત થયાં કરતું હતું કે આપણે આ આધિદૈવિક આફતમાં કોને કેવા પ્રકારની રાહત પહોંચાડી શકીએ!

એથી પૂ. માએ સૌ પ્રથમ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાથે વિચાર વિમર્શ કરી કાર્ય શરૂ કર્યું. વિનાશ કેવો છે

ને કેવા પ્રકારની સહાય આપણે કરી શકીએ—તે માટે જાત અભ્યાસ માટે શ્રી રાજુભાઈ જાની અને શ્રી વિજયભાઈ કનેરિયાને ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં મોકલ્યા.

મોરબીના કેટલાક વિસ્તારોમાં મકાનો પડી ગયાં હતાં—ત્યાં ગરીબોને તાત્કાલિક રહેઠાણ માટે ૫૦ જેટલા તંબુઓ આપ્યા. આ કામગીરી ત્યાંના સન્નિષ્ઠ કાર્યકર શ્રી હરિભાઈ ભોજાણીએ સંભાળી, ને શક્ય તેટલી રાહત પહોંચાડી. જુઓ તેમનો લેખ. કચ્છ વિસ્તારમાં તો સરકાર અને બીજી સામાજીક સંસ્થાઓ પોતાની રીતે રાહત કામગીરી સંભાળી રહી હતી. મદદો આવતી રહેતી. પણ વિતરણ વ્યવસ્થા સુચારૂરૂપે ગોઠવાઈ ન હતી. તેથી ક્યાંક વધુ પહોંચતું તો વળી બીજે વિતરણ ન થતું! છતાં કહેવું પડે કે દુનિયાભરના માનવોએ, જે જે શક્ય હતું તે કર્યું. માનવતા હજી મરી પરવારી નથી, તેનું દર્શન કરાવ્યું.

(૩)

જ્યારે માનવતાનો આવો સાદ પડયો હોય ત્યારે પૂ. માના વિદેશોમાં વસતા ભક્તો થોડા બેસી રહે? તેઓના સતત ટેલિફોન આવતા રહ્યા ને તેઓએ પૂ. માને જરૂરી આર્થિક સહાય—વિના વિલંબ મોકલી. પૂ. માનો એ સ્પષ્ટ આદેશ કે મદદ માટે કોઈ અપીલ કરવાની નહિ. પ્રભુની ઈચ્છા પ્રમાણે જે આવે તે પ્રમાણે આપણા ગજા પ્રમાણે સેવા કરવાની—કોઈ પણ અપેક્ષા વગર.

આ ઉપરાંત વ્યક્તિગત રીતે પણ પૂ. મા—આફતગ્રસ્ત માનવો-ને મદદ કરતાં રહેતાં શ્રી પ્રચેતાબેનના સગાંના ભૂકંપમાં અવ-સાન પામેલ અપરિચિત પરિવારને પૂ. માએ તુરત જ આર્થિક મદદ ધરી દીધી—પૂ. માને મન સર્વ માનવો તેનાં બાળકો—કારણ કે એ તો છે જગજનની. તેને મન બધાં જ પોતાનાં—પરાયાં



જેવો શબ્દ એના શબ્દકોષમાં જડે નહિ. એવી જ મદદ એમણે રાજકોટની ગાયત્રી બેનના પડોશીને તૂટેલ મકાનની દીવાલ સાધક ભક્ત જે. કે. પાસે કરાવીને કરી દીધી. એવું છે. પૂ. માનું દિલ!

(૪)

કચ્છ જેવી જ તારાજી મોરબી અને માળિયા—મીયાણાનાં ગામોમાં પણ જોવા મળી. વળી અહીં ઊંડાણનાં ગામો સુધી સરકારી સહાય ને સ્વૈચ્છિક સંસ્થાઓની સહાય પૂરતા પ્રમાણમાં પહોંચી ન હતી. અહીં બધે વ્યક્તિગત સહાય આપવામાં પહોંચી શકાય તેમ ન હતું. એકને આપો ને બીજા જે રહી જાય તેને મનદુઃખ થાય એટલે દરેક ગામે સાર્વજનિક સંસ્થાઓને થયેલ નુકસાન અંગે મદદ કરવાનું ટ્રસ્ટે વિચાર્યું. આ વિસ્તારનાં ઘણાં બધાં ગામોમાં પ્રાથમિક શાળાનાં મકાનો પડી ગયાં હતાં—કે એવાં નુકસાન પામ્યાં હતાં કે બાળકોને તેમાં બેસાડી ના શકાય. સરકાર પોતાની રીતે આ મકાનો ક્યારે બનાવે ને શિક્ષણ કાર્ય ક્યારે શરૂ થાય તે પ્રશ્ન હતો. એટલે ટ્રસ્ટના કાર્યકરોએ જાતે આ ગામોમાં જઈ પ્રાથમિક શાળાઓ માટે સંખ્યા પ્રમાણે—કામચલાઉ શેડ ઊભા કરવા વિચાર્યું. પૂ. મા તો શિક્ષણનો જીવ. વળી બાળકો તેમને ખૂબ વહાલાં. એટલે પૂ. માનું અનુમોદન મળતાં ટ્રસ્ટે ઝડપથી આ કામગીરી ઉપાડી લીધી.

પૂ. માનો નિર્ણય એટલે તુરત જ અમલ. જાડા પ્લાસ્ટીક, વાંસ ને દોરિયાં તેમ જ કાથી ને લોખંડનાં પતરાં લઈ સેવકો ગામડામાં પહોંચી ગયા. જે સ્થળ ગામના લોકો ને શિક્ષકો બતાવે ત્યાં ચાર છ કલાકમાં જરૂર પ્રમાણે શેડ ઊભા થવા માંડયા. આ જોઈ પાસેના ગામોના લોકો ને શિક્ષકો માગણી કરવા લાગ્યા. અમારે ગામે પણ કરી આપો.

પૂ. માના સેવકોનું તો એવું કામ કે ક્યાંય મજૂરની જરૂર નહિ. જાતે જ ખાડા ખોદે. વાંસ કે દોરિયાં ઊભાં કરે, ફરતું જાડુ પ્લાસ્ટીક વીંટે, માથે કોરયુગેટેડ શીટ ચઢાવી દે. શાળાના કામ-ચલાઉ ખંડ તૈયાર. ન કોઇ સરકારી જંઝટ. પ્લાન–એસ્ટીમેટ કે મંજૂરીની લાંબી પ્રક્રિયા. ન કોઇ આભારના પ્રમાણપત્રની અપેક્ષા.

આવા ૩૦૦૦ બાળકો માટેના ૧૭ ગામોના ઓરડાઓ પૂ. માની સૂચના ને માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયા. પૂ. મા આ બધાં ગામોમાં જાતે ગયાં ને બાળકોને નવું દફ્તર, પાટીપેન, બોલપેન, નોટબુક, કંપાસ ને સરલગીતા. પ્રસાદમાં પીપરમીટ વગેરે જાતે બાળક પાસે જઇને આપ્યાં. એની વધુ વિગતો શ્રી સંજય પંડયાના લેખમાં ઉપલબ્ધ છે.

(૫)

સારા સમયમાં આવા શેડ સામે કોઇ ના જુએ. પરંતુ જ્યાં આસપાસ વિનાશ વેરાયેલ હોય–ત્યાં આવું નાનું સરખું નવસર્જન કોઇની પણ આંખે ચડયા વગર ના રહે. એ રીતે ગુજરાત રાજ્યના શિક્ષણપ્રધાન શ્રી આનંદીબેન પટેલ આ વિસ્તારની મુલાકાતે આવ્યાં. તેમણે આ શેડ જોયા. તેમને આશ્ચર્ય થયું, આ કોણે કર્યાં? તપાસ કરવા સૂચના આપી જિલ્લા શિક્ષણાધિકારીને કહ્યું જેમણે આ સારું કામ કર્યું હોય તેમને અભિનંદન આપો ને બીજાં આવાં દસેક ગામોમાં આવા શેડોની જરૂર છે ત્યાં મદદ કરે તેમ કહો.

જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ કરી સર્વમંગલના ટ્રસ્ટી શ્રી રાજુભાઇ જાની ને શ્રી વિજયભાઇ કનેરિયાનો સંપર્ક કર્યો, તેમ જ પૂ. માની રૂબરૂ મુલાકાત લીધી. બીજા ૧૦ ગામોમાં આવા શેડ



બાંધી આપવા વિનંતી કરી. બીજા જ દિવસથી કામનો પ્રારંભ થઇ ગયો ને ચાર જ દિવસમાં બીજા ૪૦૦૦ જેટલા વિદ્યાર્થી-ઓને બેસવાની સગવડ થઇ ગઇ. આ કામમાં પૂ. માના ઘણા યુવાન ભક્તોએ નિષ્કામભાવે બહુ સરસ સેવા આપી છે. તેમનાં વ્યક્તિગત નામોના ઉલ્લેખની આવશ્યકતા નથી, કારણ તેમની એવી અપેક્ષા નથી. પ્રભુના ચોપડે અને પૂ. માના દિલમાં તેમના આ સત્કર્મની નોંધ થઇ ગઇ છે. પછી બીજું શું જોઇએ?

પૂ. મા સાથે દફ્તર વિતરણ પ્રસંગોએ ગામડાંમાં ફરવાનું સદ્ભાગ્ય અમને મળ્યું ત્યારે પૂ. માની આ કામ પ્રત્યેની નિષ્ઠા અને પ્રેમ અમે જોઇ, ધન્ય થયા અને જેમના જેમના ધનનો આ પવિત્ર સેવાયજ્ઞમાં ઉપયોગ થયો, તેઓ સર્વે પણ પૂ. માના અંતર-ના આશીષના અધિકારી બન્યા.

રાજકોટના યોગેશ્વર પરિવારના ભક્તોએ આ દફ્તરોની કીટો તૈયાર કરવામાં પ્રસન્નમને સેવા આપી, તે ખરેખર અભિનંદનીય છે. શ્રી કનેરિયા પરિવારની સેવા તો ખરે જ અનુપમ રહી છે.

ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને યુવાન સાધકોએ રાતદિવસ જોયાવિના કશી જ અપેક્ષા વિના–પૂ. માની પ્રસન્નતા પ્રામ કરવા આ સેવા-કાર્ય કર્યું એ એમના જીવનની ઉત્તમ યાદગીરી બની રહેશે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું પરમ કારૂણ્યમૂર્તિરૂપે એક વિશિષ્ટ દર્શન જનતાએ જોયું. સાધકોએ માણ્યું ને સાથે પૂ. માનો પ્રેમ-પૂર્ણ સત્સંગ પામ્યા. બધું જ અપૂર્વ બની રહ્યું. ભૂકંપની વિશિષ્ટ ભેટરૂપે પૂ. માનું જગજનની સ્વરૂપ પ્રકટયું એવા મા પ્રભુનો જય હો, જય હો, જય હો.

## * ગુજરાત ભૂકંપ-૨૦૦૧ *

**કારમો ભેંકાર ભટકે છે અહીં.....**

સાત સાગર આંસુઓનાં ઊંચકી,
કારમો ભેંકાર ભટકે છે અહીં;
જોઇને વિકરાળ ધસમસતો પ્રલય,
મોત પોતે શીશ પટકે છે અહીં.

કોણ જાણે આ અસુરી કંપથી,
કેટલાં જીવન સમેટાઇ ગયાં?
કલ્પનાનું પણ ગણિત ખોટું પડે,
એટલાં પરિવાર પીંખાઇ ગયાં!

ખીલતી કળિઓ અકાળે ગઇ ખરી,
ફૂલ સાથે કંઇક માળી પણ ગયા;
દુર્જનો ને પાપીઓની સંગમાં,
સજ્જનો ને પુણ્યશાળી પણ ગયા.

માત્ર લાશોની જ લીલા છે બધે,
કોની કબરો ને વળી કોનું કફન!
હીમસમ થીજી ગઇ સૌ ઇન્દ્રિયો–
કેવાં આંસુ ને વળી કોનું રૂદન!

જ્ઞાન કંઇ વિજ્ઞાનને પણ ના થયું,
જાળ કંઇ પથરાઇ એવી કાળની;
હચમચાવી ગઇ જગતનું કાળજું,
રૌદ્ર ને વિકરાળ મૃત્યુની છબી!



બુદ્ધિઓ ખંડેરમાં ખૂંપી ગઇ,
વૈભવો સૌ ધૂળધાણી થઇ ગયાં;
કેટલાં સોહામણાં નાજુક શરીર,
માત્ર એકપળમાં કહાણી થઇ ગયાં.

શક્તિઓ સૌ મોતને શરણે થઇ,
વિદ્વત્તાઓ વામણી થઇ ગઇ બધી!
તુચ્છ માનવ ક્યાં ને ક્યાં ઈશ્વર મહાન,
ક્ષણમહીં સરખામણી થઇ ગઇ બધી!

ઓ જગતના તારકો! ઉદ્ધારકો!
કંઇ વિચારો કે આ કોનું પાપ છે?
ફેરવી નાંખો મલિન જીવન-પ્રવાહ,
લેશપણ હૈયે જો પશ્ચાત્તાપ છે!

આપણે માનવ મટી દાનવ થયા,
ઘોર ખોદી પ્યારના વહેવારની!
આ તબાહીને તબાહી ના ગણે,
મૂક ચેતવણી છે સર્જનહારની!

— મુસાફિર પાલનપુરી

# નવસર્જનનો નમ્ર પ્રયાસ

રાજુ જાની

મહાત્મા શ્રી યોગેશ્વરજી સંસ્થાપિત સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ સંચાલિત સંસ્થા "સ્વર્ગારોહણ", અંબાજીના સહયોગથી પૂ. મા સર્વેસ્વરીના પ્રત્યક્ષ માર્ગદર્શન નીચે તેના સ્વયંસેવકોએ, ભૂકંપ-ગ્રસ્ત વિસ્તારો પૈકીના મોરબી અને માળીયા મીયાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણકાર્યને પુનઃ સ્થાપિત કરવા આયોજન બદ્ધ રીતે ઝડપી કામગીરી ઉપાડી લીધી છે.

તા. ૫ ફેબ્રુઆરીથી ૯ ફેબ્રુઆરી સુધીના પાંચ જ દિવસમાં મોરબી તાલુકાના ૧૨ ગામોમાં ગેલ્વેનાઇઝ પતરાં અને પ્લાસ્ટીક શીટ્સનો ઉપયોગ કરી ૬૦ જેટલા શાળાના વર્ગો માટે હંગામી શેડ ઊભા કરી દીધેલ જેના કારણે આ ગામોમાં અભ્યાસ કરતા લગભગ ૧૭૦૦ બાળકોનું શિક્ષણકાર્ય તા. ૧૨ ફેબ્રુઆરીથી વ્યવસ્થિત ચાલુ થઇ શક્યું.

બીજા તબક્કામાં અને પાંચ ગામોમાં પ્રાથમિક શાળા અને હાઇ-સ્કૂલ સહિત ૭ શાળાઓમાં બીજા ૫૦ શેડ ઊભા કરાયા જેના પરિ-ણામે બીજા ૧૩૦૦ બાળકો તેમના અભ્યાસકાર્યમાં ગોઠવાઇ ગયાં.

તા. ૧૮ ફેબ્રુઆરી સુધીમાં ટ્રસ્ટદ્વારા ૧૭ ગામોમાં સેવા-કાર્યદ્વારા ૧૯ શાળાઓના ૧૧૦ વર્ગો માટેના શેડની મદદથી ૩૦૦૦ જેટલા બાળકોના શિક્ષણકાર્યને પુનઃસ્થાપિત કરવાનું કાર્ય સંતોષપ્રદ રીતે પૂર્ણ થયું છે. જેના પરિણામે આ બાળકો ચોમાસા દરમ્યાન પણ પોતાનું અભ્યાસ કાર્ય ચાલુ રાખી શકશે. સરકાર-શ્રીના શિક્ષણ ખાતાદ્વારા કરાયેલ વિનંતીને માન આપી બીજા દસ



ગામોમાં ૭૦ જેટલા નવા શાળાના વર્ગો ઊભા કરવાની કાર્યવાહી પૂ. શ્રી મા સર્વેશ્વરીના સ્વયંસેવકોદ્વારા હાથ ઉપર લેવાઇ છે. જે આગામી ચાર પાંચ દિવસમાં પૂર્ણ થશે.

ભૂકંપમાં અસર પામેલ ઘર સામગ્રીની સાથે જ બાળકોના અભ્યાસની જરૂરી વસ્તુઓ પણ ખરાબ થઇ ગઇ હોય કે દબાઇ ગઇ હોય તે સ્વાભાવિક છે. રાહત સામગ્રીમાં અનેક સંસ્થાઓને ઉદાર હાથે જીવન જરૂરી અનેક ચીજવસ્તુઓ લોકો સુધી પહોંચાડી. પરંતુ બાળકોના અભ્યાસ માટે જરૂરી સાધનો/વસ્તુઓ વિસરાઇ ગઇ છે તેમ લાગતાં જ પૂ. શ્રી મા સર્વેશ્વરીએ બાળકો-ના અભ્યાસ માટે જરૂરી દફતર, પાટી, પેન, કંપાસ, ફૂટપટ્ટી, પેન્સિલ, રબ્બર, નોટબુક, બોલપેન, સંચો વગેરેની એક કીટ ૩૦૦૦ જેટલા બાળકો માટે બનાવી અને પ્રથમ તબક્કામાં આવરી લેવાયેલ શાળાના ૧૭૦૦ બાળકોની વચ્ચે સ્વયં જઇને તેનું વિતરણ કર્યું.

સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ પૂ. શ્રી મા સર્વેશ્વરીના સૂચનો પ્રમાણે આ શાળાઓ પૈકીની કેટલીક શાળાઓ માટે સ્થાયી અને પાકા મકાનો બનાવવા માટેનું આયોજન ગોઠવી રહેલ છે. જે માટે તુરતમાં કાર્યવાહી હાથ ધરાશે.

ટ્રસ્ટદ્વારા હાથ ધરાયેલ સેવાકાર્યના ગ્રામ્ય વિસ્તારો નીચે મુજબ છે.

(૧) અમરનગર (૨) ભક્તિનગર (૩) શક્તિનગર (૪) હરીપર (૫) કેરાળા (૬) ગાળા (૭) પિલુડી (૮) જસમતગઢ (૯) ચકમપર (૧૦) જીવાપર (૧૧) બેલા (૧૨) નારણકા (૧૩) જેપુર (૧૪) ખાખરાળા (૧૫) બરવાળા (૧૬) માનસર (૧૭) શિશુમંદિર મોરબી.

કેટલાંક ગામોમાં શાળાના પાકા ઓરડા બાંધી દેવા પણ ટ્રસ્ટ વિચારે છે. આ માટે સરકારની જરૂરી મંજૂરી મળ્યા પછી કામગીરી આગળ ચાલશે. જો કે હાલ ઘણાં ગામોમાં પાણીની અછતનો પ્રશ્ન પણ તીવ્ર છે. પૂરતા પાણી વગર પાકું બાંધકામ શી રીતે હાથ ધરાય તેથી મોટો વિલંબ થવા સંભવ છે. પાછળથી હાથ ધરાયેલ કામચલાઉ રોડ ઊભા કરવાની કામગીરી હાથ ધરાઇ તેમનાં નામ છે, મોટા દહીંસરા, નાની વાવડી, બગથલા, સરવડ, મોટા ભેલા, ખેવારિયા, કુંતાસી અને સનાળા રોડ શાળા.

આ ગામોમાં કુલ ૧૫૪ જેટલા રોડ બંધાણા, જેમાં ૪૭૦૦ વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય થઇ શકશે. આ કામ પણ ખરે જ મોટું હતું. વળી કેટલાંક ગામોમાં રસ્તાઓ હજી કાચા ને બિસ્માર હાલતવાળા, ધૂળ ખાતા જ જવું પડે. છતાં ઉમંગી સાધકોએ–રાતદિવસ જોયા સિવાય પોતાને સોંપેલ કામ પૂરું કર્યું. તે સહુ અભિનંદનને પાત્ર છે.

મોરબીના નદીતટ પરના શંકર આશ્રમને પણ ભારે નુકસાન થયું છે. તેને પણ સુધરાવી આપવાનું વિચારેલ છે.

વવાણિયા આત્મદર્શી સંત શ્રીમદ્ રાજચંદ્રની જન્મભૂમિ. આ વિસ્તારમાં પણ આશ્રમ અને લોકોનાં ઘરોને ઘાણું નુકસાન થયું છે. પૂ. માએ આ ગામે ૧૫૦ ઘરોને તથા મોરબીમાં ૫૦ ઘરોને લોટ, ચોખા, દાળ, કઠોળ અને તેલનું વિતરણ કરવાનું કષ્ટ ઉઠાવ્યું. આવી છે પૂ. માની કરુણા!



બાળમાનસનું પુનર્વસન :

# એક અભિનવ સેવાકાર્ય

સંજય પંડયા, રાજકોટ

૨૬ મી જાન્યુઆરી ૨૦૦૧ નાં દિવસે સવારે ૯–૦૦ વાગ્યાની આસપાસ કુદરતે માત્ર થોડી જ પળો પૂરતું તાંડવનું દર્શન કરાવ્યું અને માનવ હતો ન હતો થઇ ગયો. એના સઘળા સર્જનનું વિસર્જન થઇ ગયું. મકાન તૂટયાં, પુલ તૂટયા, રોડ તૂટયા, કારખાના ભાંગ્યાં, ગામ પડીને પાથર થયાં, સાકારિત થયેલાં કેટલાંય સપનાઓ કાટમાળામાં દટાઇ ગયાં, કેટલાય કુટુંબો છુંદાઇ ગયાં અને કેટલાંય હૃદયો ચીરાઇ ગયાં.

તરત જ માનવતાએ પોતાની ફરજ અદા કરવા માંડી, ફસાઇ ગયેલાઓને બહાર કાઢવાનું બચાવકાર્ય, બચેલાઓને સહાય કરવાનું કાર્ય અને ત્યારબાદ તૂટી ગયેલ, ભાંગી ગયેલ, જીવન-જરૂરી અસક્યામતોના પુનર્વસન માટેનાં મહાકાય ચક્રો ગતિમાન થયાં.

પડીને ધૂળ–ધાણી થઇ ગયેલાં ગામ–શહેર, કસ્બાઓમાં આલીશાન મકાનથી માંડીને એક ઓરડીમાં રહેનારાઓ સાચા અર્થમાં "ભોંય" ભેગા થઇને ટેન્ટમાં રહેવા લાગ્યાં. ઘરવખરી, અનાજ, કપડાં, ધાબળા, પાણી અને અનેક વિધ વસ્તુઓનાં જથ્થાઓ ઠલવાવા લાગ્યા અને આફતગ્રસ્ત, ભૂકંપગ્રસ્ત માનવો-ની સેવા માટે ચાલતા આ બધા કાર્યોની માહિતીથી વર્તમાન-પત્રોનાં પાના ભરાઇ ગયાં.

ભૂકંપે એકબાજુ જાનમાલને ભયંકર હાનિ પહોંચાડી તો બીજીબાજુ એણે માણસના મનને તોડી નાંખ્યું. ભયગ્રસ્ત માનસ પાછું સતત સહાય પર આધાર રાખવાવાળું થઇ ગયું, જાણે સરકારી સર્વે પરનાં વિશ્વાસે માણસનાં 'સ્વ'પરના વિશ્વાસને ઢીલો કરી નાંખ્યો. આપબળે જ આ કુદરતી કસોટી પાર પાડવાની હામ ધરાવનારા કેટલાક વીરલાઓના અપવાદ સિવાય બધે જ આ પરિસ્થિતિ ઊભી થઇ અને એ સ્વાભાવિક પણ છે, કારણ કે કુદરતના પ્રકોપ સામે માનવ અંતે તો વામણો જ ને?

હવે ભૂકંપ આવ્યાને એક મહિનો થઇ ગયા બાદ પુનર્વસનના કાર્યનો તબક્કો શરૂ થઇ ગયો છે. ઘર, દવાખાનાં, શાળા, બસ-સ્ટેન્ડો, બહુમાળી ઇમારતોનું પુનઃ નિર્માણ થવાનાં પ્રાથમિક કાર્યોની શરૂઆત થઇ ગઇ. આમ–કુદરતી માફતને હંમેશની જેમ તરી જવા માટેના માનવીય પ્રયત્નો મોટા પાયાપર શરૂ થઇ ગયા, છતાં એક પ્રશ્ન (કે જેની ખેવના કરવાવાળા દેખાતા જ નથી) અત્યંત પ્રચંડ રીતે ઊભો થાય છે કે, શું માનવનાં મનનું પુનર્વસન થઇ શકશે ખરું?

સૌથી કફોડી પરિસ્થિતિ તો બાળમાનસની થઇ છે. પોતાનાં તૂટી ગયેલા ખોરડાઓ સામે સતત જોયા કરવું, આખો દિવસ આટલા બિમાર અને ભંગાર વાતાવરણમાં રહ્યા કરવું તથા તૂટી ગયેલા મન હૃદયવાળા પોતાનાં વડીલોની લાચારી અને નકારાત્મક વાણીને ઝીલ્યાં કરવી, એ સિવાય બીજું કશુંય કામ એમના ભાગે ન રહ્યું. એમની સ્કૂલ તૂટી ગઇ છે, એમનાં દફતરો દબાઇ ગયાં છે. એમનાં પુસ્તકો વેરણ છેરણ થઇ ગયાં છે અને સાથે સાથે સેંકડો સ્વપ્નાઓ દફન થવાની રાહ જોયાં કરે છે. દરેક વિચારવંતને પ્રશ્ન થાય જ કે જે થયું તે થયું, પણ હવે



આવતીકાલનું શું? ભાવિનું શું? અને એમાંય આપણું જીવંત ભાવિ એટલે બાળગોપાલો જે ખીલતાં હોય એ વિકસતાં હોય, તો એની ઉપર પ્રાણ કુરબાન છે, એના માટે કરવું શું? સરકારી અને અ–સરકારી પુનર્વસન યોજનાઓમાં શાળાનો ક્રમ છેલ્લો છે. તો આ બાળકોનું શું? અંકુરિત થતાં બાળ માનસપર છવાયેલા ભયને ભગાડવો શી રીતે? શી રીતે એ બાળમાનસને પાછું નવપલ્લવિત કરવું?

આ પ્રશ્ન માત્ર યોજનાથી ઉકેલાય તેવો છે? ના, એના ઉકેલ માટે જોઇએ અનુકંપા, કરુણા અને અત્યંત સંવેદનશીલ છતાં શક્તિશાળી એવું "માનું હૃદય."

એવું જ થયું પ. પૂ. માનાં હૃદયમાંથી પ્રેમધારા વહી અને એ પ્રેમધારાનું પ્રતીક બની "શાળા". થોડા બાંબુ, કાથી, ખીલા, પ્લાસ્ટિક અને પતરાંના શીટ્સની બનતી નમૂનેદાર શાળાએ કબ્રસ્તાન જેવા ગ્રામ્ય વાતાવરણમાં ચેતના ભરવાની શરૂ કરી દીધી. બાળકોના અભ્યાસક્રમો પુનઃ શરૂ થયા, ભયના પોપડા દૂર થવા લાગ્યા, આદર્શ શિક્ષકો ખુશ ખુશ થઇ ગયા અને ગામ લોકો ને બાળકો પણ.

સાચવવાની ચિંતા ગઇ. જાણે "સર્વમંગલ ટ્રસ્ટ" માત્ર શાળા નહીં, પણ ભૂલકાઓનાં દફતરો પણ મળ્યાં. જેટલા આંચકા ભૂકંપથી આવ્યા, એનાથી અનેક ઘણા આંચકાની સપ્રેમ ભેટ ધરતાં ૨૧ મી સદીના ભારતીય રસ્તાઓ પર એ કૃષકાય શરીર–ધારિણી, નિર્જળાવ્રત ઉપાસીની માએ ધોમધખતી ગરમીમાં પણ ખુલ્લે પગે ચાલીને પ્રત્યેક બાળ વિદ્યાર્થી પાસે રૂબરૂ થઇને દફતરની ભેટધરી. આ દફતર પણ કેવું? ભણતરની સાથે જીવનનું ચણતર કરવા માટે પાટી, પેન, કંપાસ, ફૂટપટ્ટી, નોટબુકોની સાથે

સાથે સરળગીતા અને અધ્યાત્મ પણ ખરાં જ, અને સાથે મીઠો મીઠો બિસ્કીટી ચોકલેટોનો પ્રસાદ મૂકતાં તો "મા" કેમ ભૂલે.

શું થઇ રહ્યું છે. આ કાર્યથી? શાળાનું પુનર્વસન કે અભ્યાસનું પુનર્વસન? હા. એ તો છે જ, પણ સાથે સાથે બાળમાનસનું પુનર્વસન અંકુરિત થઇને રહેશે. હવે બાળમાનસ એ ખીલતું જ રહેશે, એ હરખાતું ને નાચતું જ રહેશે, કારણ કે એને નવ-પલ્લવિત કરવા માએ બીડું ઝડપ્યું છે. ભલે કુદરતે વિસર્જન લીલા આદરી, તો પ. પૂ. માએ એની રીતે સર્જન લીલા આદરી, એ નોંધવું જ રહ્યું કે અન્ન, વસ્ત્રો, પાણી, ઘરવખરીની સહાય તો જરૂરી છે, પણ સાથે સાથે ઉનાળો અને ચોમાસુ અને ઉપરાંત બીજા ચાર–છ મહિના કાઢી નાંખે તેવી ટકાઉ પુનર્વસન વ્યવસ્થાની પણ એટલી જ જરૂર છે. સામાવાળાનું મન મરે નહીં અને સહાય આપ્યા બાદ સામેવાળો પોતાનો વિકાસ પોતાની મેળે કરવા લાગે, તેવા અભિગમવાળી સહાયતા જ સાચું–સર્વાંગી અને સર્વ મંગલમય પુનર્વસન કરી શકે અને એ પૂ. માનાં અત્યંત નમ્ર છતાં અતિ મક્કમકાર્યમાં દેખાય છે. એ પણ નોંધવું જ રહ્યું કે આ પ્રકારનું અનિવાર્ય પુનર્વસન કાર્યની વ્યવસ્થિતપણે વિશાળ ફલકપર તથા યોગ્ય અભિગમ પૂર્ણ શરૂઆત પ. પૂ. યોગેશ્વરજી સંસ્થાપિત અને પ. પૂ. મા સર્વેશ્વરીજી પ્રેરિત "સર્વ મંગલ ચેરીટિબલ ટ્રસ્ટે" કરી છે. આ લખનારને એ કાર્યમાં સહ-ભાગી થવાનું ભારોભાર ગૌરવ છે.

આજ સુધીમાં તીવ્ર ભૂકંપગ્રસ્ત મોરબી માળિયા તાલુકાના ૩૦ જેટલી પ્રાથમિક તથા માધ્યમીક શાળાઓ ઊભી થઇ ગઇ છે. ઈશ્વરની વિસર્જન લીલા સામે હવે પૂ. માના હૃદયમાંથી પ્રગટેલ પ્રેમધારાના પ્રતીકરૂપ આ સર્જનકાર્ય હાવી થઇ રહ્યું છે જેની સાક્ષી કીકીયારી કરતાં, હસતાં રમતાં બાળ ગોપાલોનાં મુખડાં પૂરે છે. □



# ભૂકંપની ભીષણતા

હરિભાઇ ભોજાણી

૨૬ મી જાન્યુઆરીનો એ ગોઝારો શુક્રવાર સવારના ૮/૪૩ એ રૌદ્ર સ્વરૂપને યાદ કરતાં આજે પણ મોરબી, માળિયા, કચ્છ, વિસ્તારના અસંખ્ય માનવોની આંખો અશ્રુભીની બની ગઇ.

એ કાળચોઘડીયે આબાલવૃદ્ધ સૌ કોઇ કાળના કોળિયામાંથી બચવા મરણચીસો પાડી રહેલા હતા. કુદરતની મહાવિનાશક સંહારલીલા પાસે માનવી પાંગળો અને વામન સાબિત થયો. માત્ર કુદરતના કોપના એક જ ઝાટકે અગણિત માનવો મોતના મુખમાં હોમાઇ ગયા. અને તેથી અનેક ઘણાઓ અપંગ બન્યા. તો કેટલાય બેઘર બન્યા, કરુણાની પરાકાષ્ઠા તો ત્યાં છે કેટલાય બાળકો તદ્દન નિરાધાર બની ગયા તો કંઇક નવોઢાના કંકણ નંદવાયા. તો કોઇકે પોતાનો એકમાત્ર સહારો ગુમાવ્યો.

આ સંહારલીલામાંથી સહેજ કળ વળ્યા બાદ સૌએ પાછું વાળીને જોયું તો ઘરબાર જેવું કશું જ ન રહ્યું. ઘરવખરી તો તેમાં મળે જ ક્યાંથી? સર્વસ્વ ગુમાવી ચૂકેલા લાખોપતિ રસ્તે રઝળતા બની ગયા. કલાક પહેલાના "કરોડપતિ' ક્ષણમાત્રમાં "રોડપતિ" બની ગયા.

છતાં માનવીએ હામ ગુમાવી નથી. જેવા આ સંહારલીલાના ગોઝારા સમાચાર પૂ. શ્રી મા સર્વેશ્વરીને મળ્યા કે તરત જ તેમણે મોરબી, રાજકોટ તથા અન્ય અસરગ્રસ્ત સ્થળોના ભક્તોના સમાચાર મેળવવા પ્રયત્નો કર્યાં. પણ માંડ માંડ વાયા વાયા

સબસલામતીના સમાચાર મળ્યા અને પૂ. શ્રી માએ પ્રભુનો આભાર માન્યો. તરત જ અતિ ધ્વસ્ત એવા કચ્છ જિલ્લામાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારમાં પૂ. શ્રી માએ અંબાજીથી સુખડી, ગાંઠિયા, ચણા, સીંગ તેમ જ પાણીના પાઉચ વગેરે મોકલ્યાં.

મોરબી માળિયા વિસ્તરાના અતિ અસરગ્રસ્ત વિસ્તારોની માહિતી મેળવીને પૂ. શ્રી માએ મોરબીના કાર્યકર્તાઓને રૂબરૂ બોલાવીને શક્ય તેટલી બધી જ સહાય કરવા તત્પરતા દાખવી. એટલું જ નહીં પણ ટ્રસ્ટીઓ પણ એ અસરગ્રસ્ત વિસ્તારોને તાત્કાલિક યુદ્ધના ધોરણે જરૂરી સહાય પૂરી પાડવા જાતે જ હાજર થઇ ગયા.

મોરબીમાં તાત્કાલિક શ્રી હરિભાઇએ અસરગ્રસ્તો માટે ૧ ફોર્મ છપાવીને તેમાં નામ, સભ્યોની સંખ્યા, જરૂરિયાત કેટલી અને કેવી છે તે અરજીઓ ભરાવી તેનો સર્વે મોરબી ધ્યાનકેન્દ્રના બે અનુભવીઓએ જાતે જઇને તપાસ કરી પછી જ તે મદદ કેવી અને કેટલી આપવી તેનો નિર્ણય કરીને રાહતકાર્ય ચાલુ કર્યું. તેનાથી ઘણાંને રાહત થઇ. ૫૦ જેટલા ટેન્ટ આપ્યા.

અસરગ્રસ્ત ગ્રામ્યજનોની ખાસ વિનંતી હતી કે ગામડામાં અડકી રહેલાં મકાનો પાડવાનું કાર્ય પુરજોષમાં ચાલુ છે તેવા વખતે આ બાળકો કુતૂહલવશ ત્યાં એકત્ર થાય છે. અને તેમાંથી કોઇકને નુકશાન કે ઇજા થશે માટે કાંઇક કરો. તો કેટલાય સમજુ વાલીઓની એવી ફરીયાદ હતી કે આ કુમળા બાળકોના કુમળા બાલમાનસ પર ભૂકંપની ભીષણતા હજુય પણ સવાર થયેલી છે. માટે તેને તુરત જ અન્યમાર્ગે વાળવાનું કંઇક કરો. પરિણામ સ્વરૂપ આ ઉમદા કાર્ય પૂ. શ્રી માની દોરવણી મુજબ કર્યું અને અનેક બાળકો અભ્યાસ કરતા થઇ ગયા. અને ભૂકંપની વાતને



ભૂલવા લાગ્યા. જેથી પૂ. શ્રી ગુરુદેવ પ્રભુનું વાક્ય સાર્થક બન્યું કે 'આ દિવસો પણ ચાલ્યા જશે.' સેવાભાવી બાળકોએ મોરબીમાં ફરીને અસરગ્રસ્ત વિસ્તારોનું જાત અવલોકન કર્યું. અને પરિણામ સ્વરૂપે ખૂબ જ અસરગ્રસ્ત એવા ૫૦ થી વધુ પરિવારોને મોરબીમાં પણ તાત્કાલિક ધોરણે ટેન્ટ પૂરા પાડ્યા જેમાં આજે એ અસરગ્રસ્ત પરિવારો નિરાંતની નિદ્રા લઇ રહ્યા છે.

આ સમગ્ર કાર્ય આટલું ઝડપી અને વ્યવસ્થિત રીતે ગોઠવાઇ જવા પાછળ પૂજ્ય શ્રી ગુરુદેવ યોગેશ્વર પ્રભુના આશીર્વાદ અને પૂ.શ્રી માની અનેરી કૃપા તો છે જ, પણ સાથે ટ્રસ્ટીઓ તથા રાજકોટ, મોરબી તેમ જ બીજા ગામોના સૌ સાધક ભાઇઓની જહેમત ખૂબ જ દાદ માંગી લે તેવી છે.

## * અધ્યાત્મના સહાયક સ્વજનોની નોંધ *

'અધ્યાત્મ' માસિકના સહસંપાદકો શ્રી મણિભાઇ શાહ અને શ્રી નાનુરામભાઇ દૂધરેજિયાનો સ્વર્ગવાસ થવાને લીધે નવા મદદનીશોની આવશ્યકતા હતી, તે અંગે પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે વિચાર વિમર્શ કરીને નવા સહસંપાદકો નહિ, પરંતુ તેમને સ્થઆને નવા અધ્યાત્મના સહાયક સ્વજનોની પસંદગી કરવામાં આવી છે. આ છે તેઓનાં નામઃ–૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી. અમે તેઓ ત્રણેની નિયુક્તીને આવકારીએ છીએ.

— તંત્રી

# એ દિવસ ક્યારેય ભૂલાશે નહિ

શ્રી પ્રાણજીવન ઠક્કર

આજે નવી સદીનો પહેલો પ્રજાસત્તાકદિન ૨૬ મી જાન્યુઆરી ૨૦૦૧ ની ઉજવણી માટે સરસ્વતી વિદ્યાલય પ્રાથમિક શાળા માધાપર (ભૂજ–કચ્છ) ખાતે દરવર્ષની માફક સમગ્ર ગામ એકત્ર થયું હતું. ૧૫ મી ઓગસ્ટની ઉજવણી એમ. એસ. વી. હાઇસ્કૂલ માધાપર અને ૨૬ મી જાન્યુઆરીની ઉજવણી પ્રાથમિક શાળામાં એ ગામની પ્રણાલિકા છે. માધાપર ગામ વિશ્વના નકશામાં પ્રખ્યાત છે. એક તો મોટા ભાગની વસ્તી પરદેશ વસે છે. અને ૧૯૭૧ માં ભારત–પાકિસ્તાનના યુદ્ધ વખતે જ્યારે એરપટ્ટી તૂટી ગઇ હતી. યુદ્ધ ચાલુ હતું. બોંબ ઝીંકાતા હતા. અને એરપટ્ટી રીપેર કર્યા સિવાય ચાલે તેમ ન હતું. તે વખતે કોઇ કોન્ટ્રાક્ટર તૈયાર થતા ન હતા. એરફોર્સના ભાઇએ માધાપર આવીને વાત કરી. કારણ કે ગામમાં કોન્ટ્રાક્ટરો અને શ્રમજીવી લોકો જ વસે છે. માધાપરની બહેનો (લેઉવા પટેલ કણબી) બહેનોએ ચાલુ બોમ્બારમેન્ટ વચ્ચે બે દિવસમાં તે કામ પૂર્ણ કરી આપ્યું. તે વખતના વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીએ તે માટે તેને બિરદાવેલ અને એર ચીફ માર્શલ પી. સી. લાલે માધાપર સ્કૂલમાં આવી, બહેનોને સત્કારી અને શાળાને મીગ ૨૧ નું પ્રતીક ભેટ આપેલ.

કોઇને ખબર ન હતી કે આજની ૨૬ મી જાન્યુઆરી સમગ્ર કચ્છને કલ્પાંત કરાવશે. ધ્વજને લહેરાવેલ અને બાળાઓ રાષ્ટ્રગીત શરૂ કરે તે પહેલાં પાણીનો પ્રવાહ જાય તેવા ભયંકર અવાજ સાથે ધૂળની ડમરીઓ સાથે ધરતી ઉછળવા લાગી. તરત જ મહેમાનો દોડીને મેદાનમાં ધસી ગયા. કેટલાક પડી ગયા. કેટલાક બેસી ગયા. બાળકો તો મેદાનમાં હતાં જ. ધરતી દોઢ બે મિનિટ



ખૂબ જ ચાલતી હોય તેમ લાગ્યું. ધીમે ધીમે શાંત થઇ. શું થયું! તરત જ બધા પોતાના કુટુંબીજનોની શોધમાં દોડયા. મારી પાસે સાઇકલ હતી. મા અને મહાપ્રભુને યાદ કરતો સાઇકલ ચલાવી. કાંઇ ખબર ન પડી કે સાઇકલ કેટલી ઝડપથી દોડે છે. સામે કોણ આવે છે, આજુબાજુની બિલ્ડીંગો જોતાં તો લાગતું હતું કે આપણું ઘર, બી. પી. ની દરદી, અને શરીર પણ ખૂબ જ ભારે. ઘેર પહોંચ્યો ત્યારે તો સહધર્મચારિણી બહાર હતી, તેથી શાંતિ અનુભવી. તેણે જણાવ્યું કે મને તો એમ લાગતું હતું કે મને ચક્કર આવે છે. તેથી ભૂકંપ પૂર્ણ થયા પછી જ તે બહાર આવી. આજુબાજુનાં મકાનોમાં તીરાડો... દિવાલો તથા કેટલાંક મકાનો પૂર્ણ બેસી ગયાં હતાં. મારા મકાનનો ઉપરનો બાથરૂમ સંપૂર્ણ તૂટી ગયો હતો, અને તીરાડો પણ દિવાલોમાં પડી હતી. બધામાં ખૂબ ગભરાટ હતો. ત્યારે જ તરત જ કવિતા(મારી દીકરી)નો ખ્યાલ આવ્યો. તે ચોથા માળ પર રહેતી હતી.

આવી આધિદૈવિક આપત્તિમાં માણસને પરમાત્મા શક્તિ આપે છે તે અનુભવ્યું. બાજુમાં રહેતા બાબુભાઇ પટેલને વિનંતી કરી તેમણે તરત જ સ્કૂટર ઉપાડયું. ઘરનાં બધાં (તેમનાં પણ) રડતાં હતાં. પણ અમે મક્કમ બનીને સ્કૂટર ચલાવ્યું. મુશ્કેલ હતું છતાં નીકળ્યા. પ્રવેશતાં જ જનરલ હોસ્પીટલ ધરાશાયી જોઇ, અન્ય મકાનો જમીનદોસ્ત જોયાં હોંશકોશ ઊડી ગયા. પરંતુ મા અને મહાપ્રભુ પર દૃઢ શ્રદ્ધા હતી કે તે સાથે છે, કોઇ ચિંતા નહીં રહે. કવિતાના મકાનને દૂરથી જોયું. સલામત લાગ્યું. વિશ્વાસ બેઠો કે માએ બચાવી લીધાં જ હશે. ત્યાં ગયા, પૂછ્યું કે બહાર નીકળી ગયાં છે, રસ્તા પર જ હતાં. તેના સસરા, સાસુ, જમાઇ, દિયર બધા રડયા. માની કૃપાથી બધા બચી ગયાનો આનંદ... સાથે સામેની સ્થિતિની ભયંકરતાથી ધ્રૂજી ઊઠયા. બીજાનું શું થયું હશે! તરત જ નીકળી ગયા. તપાસ કરતાં ભૂજ સંપૂર્ણ તારાજ. કોટ વિસ્તારમાં જવાય તેમ ન હતું. ઘણા સંબંધીઓએ તેમ જ

ભૂજની ૮૦% જનતાએ પોતાનું બધું જ ગુમાવ્યું હતું!

પછી સાંજે સ્વર્ગારોહણ પહોંચ્યા, હાશ અનુભવી. હવે કોઇ જ ચિંતા નથી, કેમ કે અહીં પૂ. મા સાક્ષાત્ છે. પછી આપણે શા માટે વિચારવું જ? પ્રસાદ લીધો. માને નજરે દેખેલો અહેવાલ રાતની સત્સંગની બેઠકમાં રજૂ કર્યો.

તરત જ પૂ. માએ મને અને બિપિનકુમારને બોલાવ્યા. આપણે ક્યાં કઇ રીતે રાહત પહોંચાડવી, તેની ચર્ચા કરી. મધ્યમ વર્ગના જે લોકો બોલી શકે નહીં અને જેણે પૂર્ણ ગુમાવ્યું હોય તેમને મદદની જરૂર હોય તેવા ખાસ ૨૫ જણની યાદી બનાવવા પૂ. માએ જણાવ્યું. (પરિસ્થિતિ થોડી શાંત પડે પછી) સવારે નિર્ણય લેશું, એમ પૂ. માએ જણાવ્યું. પરંતુ મને લાગ્યું કે પૂ. માએ અમે આરામ કરીએ તે ઉદ્દેશથી જ જણાવેલ. અમે નીચે આવ્યા. આજે તો માના આશ્રયે પછી શેની ચિંતા. આરામથી એવા ઊંઘી ગયા કે ભૂકંપને ભૂલી ગયા. પણ પૂ. માએ તરત જ રાત્રે ૧૧ વાગ્યે સુખડી માટેની બધી જ સામગ્રી મંગાવી લીધી. "સેવા કરવી હોય તે આવો," તે સૂચનથી બધા આવી ગયા. રાત્રે અમને લાભ ન મળ્યો. પૂજ્ય મા ત્યાં રાતથી જ હાજર. સેવાયજ્ઞની શરૂઆત થઇ ગઇ. બધી જગ્યાએ ફોનથી રાત્રે જ માહિતી એકઠી કરી લીધી. સ્થિતિ જાણી લીધી. પાલનપુરથી રેવાશંકરભાઇને પણ બોલાવ્યા. ભચાઉના અંદરના ગામડામાં જાતે જ વહેંચવું, તેમ નક્કી કર્યું.

પ્રાતઃસ્મરણ પછી ટેમ્પો આવ્યો. માએ તરત જ એક પેકેટ ઉપાડયું અને ટેમ્પામાં મૂક્યું. એમ બધાં જ પેકેટો ટેમ્પામાં ગોઠવવામાં આવ્યાં. પૂ. મા મહાપ્રભુનું સ્મરણ બાવનીનું ગાન કરતા પ્રસ્થાન કર્યું. પાલનપુર પહોંચ્યા ત્યાંથી પાણીના પાઉચ વગેરે સામગ્રી લીધી. ડીસા પહોંચ્યા ત્યાં પરમીટ લેવાની હતી તેથી પૂ. રેવાશંકરભાઇ પરમીટ લેવા માટે ગયા.



સૌ પ્રથમ આડીસર પહોંચ્યા. ત્યાંથી શરૂઆત થઇ. ત્યાં કેમ્પમાં વિજયભાઇએ પૂછ્યું તો જાણવા મળ્યું કે અહીંના અંદરનાં ગામડામાં જાવ તો ઘણું સારું, પરંતુ વધારે તપાસ કરતાં જાણવા મળ્યું કે ભચાઉ જવું વધારે ઉચિત છે. રસ્તામાં ઠેર ઠેર માણસો, સ્ત્રીઓ અને બાળકો આજીજી કરતાં હતાં. પણ અમને જણાવવામાં આવેલ કે રસ્તાના લોકો ભેગું કરે છે. તમે ગામડાઓમાં જ જજો. સામખીયાલીથી ભચાઉથી ટ્રાફીક જામ થઇ ગયેલો. બે કિલોમીટર લાંબી ટ્રકોની લાઇન સાધનસામગ્રી સાથે ઊભી હતી. ભચાઉ રોડપર અંધશાળા પડી ગઇ હતી. તેનો કાટમાળ ખસેડવાનું ચાલું હતું. લાશો બહાર કાઢતા હતા. ખૂબ સેવાભાવી લોકો કામે લાગ્યા હતા. લશ્કરના જવાનો પણ હતા. વિદેશી લોકો પણ જોયા. ભચાઉની બહાર લાકડાના ઢગલાઓપર મૃતદેહોને અગ્નિદાહ આપવાનું કામ ચાલુ કર્યું હતું. ચારે બાજુ લોકસમૂહ વાહન અને રાહત છાવણીઓ જ નજરે ચડતી હતી. ત્યાં પણ અમે જોયું કે અહીં ઘણી જ મદદ પહોંચી છે. તેથી ગામડામાં જવું વધારે ઉચિત છે. દૂધઇ રસ્તો લીધો નજીકના બે ગામડામાં ગયા રોડપર ત્યાં સામગ્રી વિતરણ કરી. રાત્રે ઊંઘ તો કોઇને ભયને કારણે આવી શકે તેમ ન હતી. તેથી સુખપુર–અંજાર રસ્તે આવતા ગામડાઓમાં ૪૦% વિતરણ કરી. અમે વ્યવસ્થામાં જોડાયા.

હવે ટેમ્પામાં કચ્છની અસલ ઠંડીનો અનુભવ બધાને થવા લાગ્યો. મને તો હતો જ કારણ કે ૨૬ મી તારીખે રાત્રે તાપણા ન હોત તો અમે ઠંડીમાં ઠુંઠવાઇ જાત, તેવી ઠંડી હતી.

રાત્રે ૯–૦૦ વાગ્યે માધાપર આવ્યા. મારા ઘરના બાજુના મેદાનમાં ૨૬ મી જેવી જ સ્થિતિમાં બધા બેઠા હતા. કોઇ ઘરમાં નહોતા ગયા. લૂંટફાટની વાતો થતી હતી, અને ઘરની બહાર બેઠેલા પડોશીઓ જોડે અમે પહોંચ્યા. બધાને આશ્ચર્ય થયું! સાહેબ તમે

પાછા આવ્યા! મેં તેમને બધી વિગતથી વાત કરી. પૂ. મા આ સ્થિતિથી કેટલાં વ્યથિત થયાં છે તે પણ જણાવ્યું. અમે તેમની આજ્ઞાથી વિતરણ માટે આવ્યા છીએ તેમ કહ્યું. સ્વર્ગારોહણ સર્વ-મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ પણ લોકોની આ સ્થિતિમાં સાથે જ છે.

પ્રથમ માધાપર કેમ્પ જોયો. ત્યાં ઘણી જ સુંદર વ્યવસ્થા હતી. મોટી છાવણી બાંધી હતી. ઘાયલ થયેલાની વ્યવસ્થા પ્રાર્થના રૂમમાં હતી. તેમને વાત કરી. અમે જે ગામડામાં જઇએ છીએ તેમણે કહ્યું કે જગ્યા હોય તો અહીંથી પણ લોટ લેતા જાવ. અમે અહીંથી ગામડાઓમાં સામગ્રી મોકલીએ છીએ. બારોબાર તે લઇ નાગોર પહોંચ્યા. ત્યાં વિતરણ કર્યું. સમગ્ર ગામનાં મકાનો ધરા-શાયી જોયાં. જે ઊભાં છે તેમાં રહેવાય તેમ નથી.

નાગોરથી રાયધણપર, રાયધણપરથી ઝીંકડી, ઝીંકડી આખું ગામ ધરાશાઇ થઇ ગયું હતું. ગામની તારાજી રૂબરૂ અમે પણ જોઇ. એક નાની બાળાને માથામાં પત્થર વાગ્યો હતો. તેની સ્થિતિ જોઇ. પ્રાથમિક શાળાના મકાનો પડી ગયા છે. ગામમાં દસ જેટલી વ્યક્તિઓનું અવસાન પણ થયેલ છે. ગામના લોકોએ સાર્વજનિક કેમ્પ ખોલ્યો છે. જે સામગ્રી આવે તેનું વિતરણ ત્યાંથી કરવામાં આવે છે. ત્યાંથી રસ્તામાં નાના ગામડાઓમાં વિતરણ કરીને હવાઇ પહોંચ્યા. ત્યાં આહિરની વસ્તી છે. તેઓએ જણાવેલ કે અમે લેતા નથી પણ બીજી વસ્તી લે છે. તો તમે પાછળની બાજુ ટેમ્પો લઇ લો. ત્યાં વિતરણ કર્યું ત્યાંથી લોડાઇ ભૂકંપનું મૂળ કેન્દ્ર સ્થાન, ત્યાં ગયા. લોડાઇ ત્રણ હજારની વસ્તીનું ગામ. સંપૂર્ણ ધરાશાયી થઇ ગયું છે. લોકોએ જે વર્ણન કર્યું તે સાંભળતાં જ કંપારી છૂટી. ત્યાં વિતરણ કર્યું. અને ત્યાંથી ધ્રંગ પહોંચ્યા ધ્રંગ દાદા મેકણનું સમાધિસ્થાન.



સમાધિનું થોડું સ્થાન બરાબર છે બાકી ધરાશાયી છે. ગામના લોકો એકઠા થયા. બાળકોની લાઇન કરીને તેમને વિતરણ કર્યું ગામના લોકોને બોલાવીને તેમની જરૂરત પ્રમાણે સુખડી, ચણા, ગાંઠિયા તથા ખારીસીંગ તથા પાણી આપ્યું. બાળકોને બિસ્કીટ આપ્યા. એક ભાઇએ જણાવેલ કે અહીંથી બે કિલોમીટર દૂર ધરતીમાં પડેલ તીરાડ અને પાણી નીકળેલ છે. પાણી પાછું શોષાઇ ગયું છે. પરંતુ કાદવ છે. ધરતી દબાઇ છે. તે જોવા મળશે. ત્યાં અમે ગયા અને મોટી તીરાડો તથા પાણી જોયું. ધ્રંગથી કંદરોડી આવ્યા ત્યાં પણ વિતરણ કરીને રુદ્રાલી આવ્યા. રૂદ્રાલીથી ભૂજ થઇને નીકળ્યા. રસ્તામાં ભચાઉ ટ્રાફીકની સમસ્યા હતી જ તેથી ત્યાંની સ્થિતિ જોઇ. રાહત સામગ્રી તો ઘણી જ પહોંચી ગઇ છે. હવે પુનઃ સ્થાપન સ્થિતિ મોટો પ્રશ્ન છે. જો જુદાં જુદાં રાજ્યોની સરકારો તથા સંસ્થાઓ એક એક ગામડાને દત્તક લે તો પુનઃ સ્થાપનમાં ઘણી સરળતા રહેશે તેમ લાગ્યું.

પૂ. માને થયું કે બાળકો જાગતા હોય તેથી આપણે સત્સંગ ફેરી ચાલુ રાખીએ. અંબાજી રાત્રે મોટા પહોંચ્યા, પણ પૂજ્ય મા જાતે જ બાળકોને આશીર્વાદ આપવા હાજરાહજૂર હતાં. બાવની-ના સંગીત સાથેના ગૂંજનથી વાતાવરણ પ્રભુમય બની ગયું હતું. એક એવું અદ્‌ભુત વાતાવરણ સ્વર્ગારોહણના પ્રાંગણમાં હતું કે તેનું વર્ણન કરવા શબ્દો નથી. પૂજ્ય માએ બધા જ સમાચાર લીધા આશીર્વાદ આપ્યા. પણ આ દિવસ ક્યારેય ભુલાશે ખરો!

# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતાની અવસ્થા અતિશય કરુણ બની જવાથી એ કાંઇ બોલી ન શકી.

એની આંખમાંથી અશ્રુધારા ચાલવા માંડી.

એ જોઇને મહર્ષિનું હૃદય પણ કરુણ બની ગયું ને રડી ઊઠયું. એ સ્નેહછલેલા, સહાનુભૂતિભર્યા, સુધામય, સ્વરે બોલ્યા : 'સીતા, તું શોક ન કર. દુઃખી પણ ન બન. અમારા જેવા વનવાસી ઋષિઓનું જીવન બીજાના હિત માટે જ હોય છે. પરમાત્માએ તને મારી પાસે મોકલી આપી, અને એ પણ આવા કરુણ સંજોગોમાં, એ મારું મોટામાં મોટું સદ્ભાગ્ય છે. મને તારી સંભાળ રાખવાનો ને સેવા કરવાનો ઉત્તમ, અણધાર્યો, અવસર આવી મળ્યો એ કાંઇ ઓછા આનંદની વાત નથી જ. મારા આશ્રમનાં દ્વાર તારે માટે ઊઘાડાં છે. તારા પુણ્યપ્રવેશથી આશ્રમની ભૂમિ વધારે પવિત્ર બનશે. અત્યારે તારું મન દુઃખી છે એટલે તું વધારે કાંઇ ન બોલી શકે એ સમજી શકાય તેમ છે. તારા ત્યાગનું કારણ કહી બતાવવા માટે એટલા માટે જ તને આગ્રહ નહિ કરું. એ કારણ તો પછી નિરાંતે જાણી શકાશે. હાલ તો મારા સમીપમાં આવેલા શિષ્યોથી ભરેલા એકાંત સુંદર આશ્રમમાં ચાલ અને તારા સંતપ્ત અંતરને કાંઇક શાંત કર.'

પોતાના આજ્ઞાંકિત શિષ્યમંડળની મદદથી મહર્ષિ વાલ્મિકી સીતાને આશ્રમમાં લઇ ગયા.



સુંદર, શાંત, લીલીછમ, પર્વતમાળાની તળેટીમાં તમસા નદીથી થોડેક દૂર વસેલા આશ્રમને નિહાળીને સીતાનું મન થોડુંક શાંત થયું ને પ્રસન્ન બન્યું.

સીતાને માટે એક અલગ પર્ણકુટીમાં વ્યવસ્થા કરીને મહર્ષિ વાલ્મિકી બોલ્યા : 'તમસાના તટપર મારા રોજના નિયમ પ્રમાણે સંધ્યાવંદન કરવા જતો'તો ત્યાં જ તારો મેળાપ થયો. હજુ અંધારું થવાને થોડીવાર છે એટલે નિત્યકર્મ કરીને હમણાં જ આવી પહોંચું છું.'

નવા વાતાવરણમાં સીતાના મનમાં ભાતભાતના ભાવો પેદા થયા.

ક્યાં ભોગ, વૈભવ અને સમૃદ્ધિથી છલકાતો અયોધ્યાનો રમણીય રાજપ્રસાદ અને ક્યાં આ મહર્ષિ વાલ્મિકીનો એકાંત આશ્રમ? બંનેના વાતાવરણમાં કેટલો બધો ફેર છે? અને બંનેની વચ્ચે અંતર પણ કેટલું છે? વિધાતાની ઇચ્છા ખરેખર અદ્ભુત, અકળ અને અજબ છે 'એણે ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાને ક્યાંની ક્યાં મૂકી દીધી? એને માટે કેવું વિચિત્ર નિમિત્ત ઊભું કર્યું?

માણસ સાચું જોતાં ખરેખર પરવશ છે, લાચાર છે, એને વિધાતા કહો કે એને કોઇ બીજું નામ આપો, એ એને પોતાની ઇચ્છા, યોજના કે ગણતરી પ્રમાણે ચલાવ્યે જાય છે. એ એની બાજી બગાડે છે ને બગડેલી કે બગડવા બેઠેલી બાજીને સુધારે છે પણ ખરો. ઘડીમાં હસાવે છે તો ઘડીમાં રડાવે છે.

સંયોગ ને વિયોગ, લાભ ને હાનિ, પતન ને ઉત્થાન, જય તથા પરાજય, હર્ષ ને શોક તથા જન્મ ને મરણના ઝૂલા પર એ એને ઝૂલાવ્યા કરે છે.

એ વિધાતાએ અશોકવાટિકામાંથી મારો ઉદ્ધાર કરીને મને હૃદયાભિરામ રામનો મેળાપ કરાવ્યો, ને એનો આનંદ પૂરેપૂરો લૂંટી શકું તે પહેલાં જ રામથી છૂટી પાડીને મને અહીં મૂકી દીધી.

અને હવે કોણ જાણે એ અમારો મેળાપ ફરી ક્યારે કરાવે છે!

જીવનનું નાટક કેટલું બધું કરુણ છે અને એનો અભિનય કેટલો બધો આકરો, અઘરો અને વેદનાભર્યો?

એમાં સુખ, શાંતિ, ઉલ્લાસ, સફળતા, સ્વજનોના સંયોગ તથા સમૃદ્ધિની ક્ષણો ઓછી હોય છે. દુઃખ, અશાંતિ, શોક, નિષ્ફળતા, વિયોગ અને દીનતાની પળો વધારે. છતાં પણ જીવન મીઠું ને જીવવાલાયક લાગે છે. એ એક સૌથી મોટું આશ્ચર્ય નથી શું?

એનો મોટાભાગનો સમય સંઘર્ષમાં પસાર થાય છે, આક્રંદ અથવા આંસુ અને વ્યથામાં વીતે છે, ને આરામના અવસર તો એમાં બહુ લાંબે વખતે તથા ધન્ય ઘડીએ આવે છે, તોપણ માનવના મનમાં એની મમતા ચાલુ જ રહે છે ને વધતી જાય છે એ નવાઈ નથી?

મારો કોઈક પુણ્યોદય આગળ આવ્યો એટલે આવા એકાંત અરણ્યમાં પણ મને મહર્ષિ વાલ્મિકીનો મેળાપ થયો. નહિ તો મારી દશા કેવી કરુણ હોત?

સીતા એવા વિચારોમાં મશગૂલ બનીને બેઠી હતી એટલામાં મહર્ષિ વાલ્મિકી આવી પહોંચ્યા.

(ક્રમશઃ)

# * સંસારને કર્મની જરૂર *

સંસારના મંગલ માટે લોકકલ્યાણની ભાવનાથી કર્મ કરતા રહેવાની જરૂર છે. ગીતાનો એવો આદેશ છે. જેને પૂર્ણતાની પ્રાપ્તિ નથી થઈ તેને તો કર્મવિના ચાલે જ કેમ? તેને તો આળસુ થઈને બેસી રહ્યે કેમ પાલવે? બધા જ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરીને તેણે કર્મપરાયણ બનવું જોઈએ, પુરુષાર્થી બનવું જોઈએ. જીવનના ધ્યેયની સિદ્ધિ એદી બનીને ઊંઘ્યા કરવાથી કેવી રીતે થઈ શકશે? આ સંસારમાં જે પણ મહાન બની ગયા. તે સતત પુરુષાર્થ કરવાથી તેવા થઈ શક્યા છે. પળેપળનો હિસાબ રાખીને કામ કરવું જોઈએ. તો જ સિદ્ધિની પ્રાપ્તિ થઈ શકે. એટલે જ ભગવાન કહે છે કે હે અર્જુન, તું કર્મ કર, આજે તો તું સાધક છે, પણ પૂર્ણ, મુક્ત ને સિદ્ધ થઈ ગયા પછી પણ કર્મને ના છોડતો. ઉત્તમ પ્રકારનાં કર્મો કરીને તું સૌનું હિત કરી શકીશ. જીવનના કેટલાંય પ્રવાસી તારે પગલે ચાલશે, ને પોતાનું જીવન ઉજ્જ્વલ કરશે. ભગવાન પોતે પૂર્ણ પુરુષોત્તમ હતા. તેમને કર્મ કર્યાવિના ચાલે તેમ હતું. છતાં તેમ કરવાને બદલે તે અર્જુનનો રથ હાંકવા તૈયાર થયા હતા, તે શું બતાવે છે? એ જ કે જીવનદ્વારા બીજાના મંગલ માટે કામ કરવામાં તે સાચેસાચ માનતા હતા.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

# * સમબુદ્ધિ *

સમબુદ્ધિ એટલે સરખી બુદ્ધિ અથવા સમતાવાળી બુદ્ધિ. વધારે ભાગના માણસો વિષમ બુદ્ધિવાળા હોય છે. તેમની દૃષ્ટિ ભેદભાવવાળી અને મેલી હોય છે. સંસારમાં તે ભેદભાવનું દર્શન કરે છે. પોતાના અને પરાયા, મિત્ર અને શત્રુ તથા પ્રિય ને અપ્રિયના ભેદ તેમના દિલમાં ભરેલા હોય છે. તેનો પડઘો તેમની આંખમાં પડયા કરે છે. મુખાકૃતિ માણસના દિલનું દર્પણ છે. તેને જોવાથી માણસના દિલની ઝાંખી થઈ શકે છે. તેમાંયે ખાસ કરીને આંખની અંદર તે વધારે પ્રમાણમાં પ્રગટ થાય છે, એટલે માણસે પોતાના દિલને ધોવાનું છે, સાફ કરવાનું છે ને ઉત્તમ ભાવોથી ભરી દેવાનું છે. એમ થતાં તેની દૃષ્ટિ પણ બદલાઈ જશે. તેના જીવનમાંથી ભેદભાવ કાયમને માટે દૂર થઈ જશે, ને કટુતા, વેરવૃત્તિ તથા વિષમતાનો અંત આવશે. પ્રભુ બધાની અંદર વાસ કરે છે. એમ સમજીને બધાની અંદર તેમનું દર્શન કરવાની ટેવ પાડો. એટલે સમતા આપોઆપ આવી જશે. સંસારના સઘળા પદાર્થોમાં ને સર્વ પ્રાણીમાં પરમાત્માનો પરમ પ્રકાશ રહેલો છે. એમ માનીને સૌમાં તેમની ઝાંખી કરવાની ટેવ પાડો. એમ કરવાથી સમસ્ત સંસારમાં પરમાત્મા જ વ્યાપી રહ્યા છે, રમી રહ્યા છે એવું લાગ્યા કરશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર−૧.